ૐ

# મુક્તિની માળા

## શ્રી રામકબીર સત્ય છે



જબ તૂ પૈદા હુઆ, જગ હસે તૂ રોઇ
એસી કરની કર ચલો, તૂ હસે જગ રોઇ


સંપાદક :
ગોવિન્દભાઈ લ. ભક્ત

મુદ્રક :
નટુભાઈ પટેલ
રોનક પ્રિન્ટર્સ, બારડોલી.



પ્રકાશક :
પુષ્પાબેન સુમનભાઈ ભક્ત, પકોઈમા, CA
ભીખુભાઈ ધીરજભાઈ ભક્ત, હ્યુસ્ટન, TX
ઈશ્વરભાઈ ધીરજભાઈ ભક્ત, લોનપાઈન, CA
આનંદભાઈ ધીરજભાઈ ભક્ત, લોનપાઈન, CA
U.S.A.

# શ્રધ્ધાંજલિ

અમારા આત્મીયજન એવા સ્નેહી ધીરજલાલનું અવસાન તા. ૨૬ જૂન-૯૭ના રોજ અમેરિકાની લોનપાઇન સિટીની ધરતી ઉપર થયું. તેમની સ્મૃતિમાં શ્રધ્ધાંજલિરૂપે આ "મુકિતની માળા" પુસ્તિકા-પ્રસાદી એમનાં સંતાનોએ સૌ સ્નેહીજનોને ભેટ આપવાનો શુભ સંકલ્પ કર્યો. તેનું સાકાર પરિણામ આ પુસ્તિકા છે.

સ્વર્ગસ્થ શ્રીયુત ધીરજલાલ એક એવા પરિવારના સદસ્ય હતા કે એમના બે ભાઇઓ પૈકી એક મહંત શ્રી દયારામદાસ ગુરુ કરસનદાસજીએ કબીર સાહેબની સુરતની ગાદીએ મહંતનું પદ સ્વીકારી જીવન સમર્પિત કર્યુ, જયારે બીજા મહંત શ્રી ગોકળદાસ ગુરુ તુલસીદાસજીએ કબીરવડની કબીરસાહેબની ગાદીએ મહંતનું પદ સ્વીકારી આજીવન સેવા આપી. આમ બંને ભાઇઓ કબીરસાહેબની ગાદીએ મહંતના પદ પર બિરાજમાન હતા, એવા બંને ત્યાગી ભાઇઓએ કબીરસાહેબની ગાદીએ આજીવન સેવા આપી તેઓ ચિરશાંતિમાં પોઢી ગયા. ત્યારબાદ આજે હવે ધીરજલાલ પણ ટૂંકી અસાધ્ય બિમારી બાદ હરિચરણમાં પોઢી ગયા છે.

આવા તપોધન પરિવારમાંથી બંધુ-ત્રિપુટીએ આપણી વચ્ચેથી ચિર વિદાય લીધી છે. ધીરજલાલનાં ધર્મપત્ની શાન્તાબેનનું પણ ૨૧ વર્ષ પહેલાં કરુણ નિધન થયું હતું. આમ ત્યાગી અને તપોધન પરિવારમાંથી ધીરજલાલ અને શાન્તાબેન જીવન ધન્ય કરી પ્રભુના દ્વારે પહોંચ્યા.

તો તેઓના આત્મા જયાં હોય ત્યાંથી આપણને પ્રકાશ આપતાંરહે અને એમના પરિવાર પર તેમના આશીર્વાદ વરસતા રહો એ જ પ્રાર્થના !

" શરીર તો ભસ્મ થઇ ખરી જશે,
કર્યાં સુકર્મો સ્મૃતિમાં રહી જશે.
શરીરને ભૂલી ગતાત્મ જીવનાં,
કરેલ સત્કર્મ સૌ સંઘરી લો.
ને ભસ્મ ગંગાજળમાં વહાવી,
તેના કર્યા જીવનમાં ભરી લો !! "

આ પુસ્તિકા સૌ માનવને જીવનના ધર્મકાર્યમાં સહાયરૂપ બનજો !

પકોઇમા
કેલિફોર્નિયા - અમેરિકા
તા. ૨૫ ડિસેમ્બર-૯૭

મગનભાઇ લ. ભકતના
સાદર રામકબીર

# અભિપ્રાય

સ્નેહી શ્રી ગોવિંદભાઈ,

સપ્રેમ રામકબીર,

'મુકિત-માળા'ની પુસ્તક-પ્રસાદી મળી. સાંઘાંત વાંચી. પરંતુ વાંચવું અને વિચારવું કે આચરવું એમ ભિન્ન છે.

ભગવાનની ઓળખના પહેલા મણકાથી પ્રારંભ થતી મુકિતની યાત્રા કર્પૂર ગૌરમ્-કરુણાવતારે, અંતિમ મંઝિલે પહોંચાડતાં માર્ગમાં કેટલાય વિશ્રામ સ્થાનો આવ્યાં. સિંધુના બિંદુસમ આપણે સિંધુનું વિરાટપણું પામી શકીએ તે માટે આપણને આપણા વામનપણાનું ભાન થવું જોઈએ, એનાથી તમે પ્રારંભ કર્યો. પ્રથમ કૂદકે જ અહં બ્રહ્માસ્મિ દ્વારા બિંદુને સિંધુ સમીપ લઈ જવાનો માર્ગ દર્શાવ્યો. દાસત્વ જ પ્રભુને પામી શકે એ ગુરુચાવી બતાવી.

ગીતા બોધિત ભક્તના ચાલીસ લક્ષણો દ્વારા ઈશને પામવા ભક્તને માટે પ્રથમ આવશ્યક શરત રાગ દ્વેષભાવનો ત્યાગ, નિરંતર ચિંતન-મનન, નિદિધ્યાસન અભ્યાસ તેમજ તે પછી નિરહંકારીપણું, અદ્વેષી (સંગવર્જિત), અનુદર્શન (આત્મ નિરીક્ષણ), અનાસકિત, વાસના, ત્યાગ, અદેખાઈ (અસૂયા), ક્ષમા, સુખ-દુ:ખે સમત્વ, સૃષ્ટિને ભજવી કે ભોગવવી, તેન ત્યકતેન ભૂંજીથા-ત્યાગીને ભોગવી જાણો એ ઈશોપનિષદ

વચનની યાદ દ્વારા, ભકિત દ્વારા શકિત પ્રાપ્ત કરી શકાય તેવી દૃઢ શ્રધ્ધા અને ભકિતનાં વિવિધ રૂપો-એમ અંતિમ સોપાનની પાસે આવતા "મામેકં શરણમ્ વ્રજઃ" કે 'બુધ્ધમ્ શરણમ્ ગચ્છામિ' જેવી સંપૂર્ણ શરણાગતિ દ્વારા જ સંસારસાગર પાર કરી શકાય. પરંતુ આ સાગર પાર કરનાર નૌકાના નાવિક પાસે શ્રધ્ધા અને ભકિતરૂપ હલેસાં હોવાંની જરૂરિયાત પ્રત્યે કેન્દ્રિત કરેલું ધ્યાન અને આવી અટલ ભકિત દ્વારા નિર્મિત થતી અજોડ શકિત જેને નિરંતર ચેતનવંતી રાખવા ભજન અને કીર્તનની આવશ્યકતા, અને આટલી મંઝિલ કાપ્યા પછી છેવટનું મુકિતનું સોપાન ચઢો એટલે કર્પૂર ગૌરમ્ કરુણાવતારમ્ કપૂર જેવા જવલનશીલ ગૌર એવા હોવા છતાં કરુણાના મહાસાગર જેવા પરમાત્માના પરંધામમાં પ્રવેશ પ્રાપ્ત કરી શકાય. અહીં એ સરસ રીતે પ્રતિપાદીત થયું છે કે માત્ર ભકતના ગુણોથી ગૌરાન્વિત થવું એટલું બસ નથી, પરંતુ કરુણાના સાગર સમ બનવું. આમ પ્રથમ મણકાના સિંધુના બિંદુને કરુણાસાગરના અંશ સમાન બનાવી- અહં બ્રહ્માસ્મિનો બોધ થાય એ કક્ષાએ યાત્રા કરાવી.

સમગ્ર પુસ્તિકાની રચના જોતાં અંતરગૂહામાંથી ધીર-ગંભીરનાદ-બ્રહ્મનાદ બની ભાવુક સાધક કે શ્રેયકની જીવન-વીણાના તંતુને ઝણઝણાવી એક મધુર અને સંવાદી જીવન-સંગીત પ્રગટાવે એવી કૃતિની રચના કરી છે.

ઈશ્વરને પામવા જે વાણી વૈખરી દ્વારા પ્રયાસ તે ભજન, પરંતુ માત્ર વાણી વિલાસ પર્યાપ્ત નથી તેથી કીર્તન એટલે કૃતિ દ્વારા એનો પ્રતિભાવ પડવો જોઈએ. આમ માત્ર વિચાર નહિં, પણ આચાર-એટલે ભજન-કીર્તન.

આવી સુંદર ભકિતસભર રચના કરવા બદલ તમને અભિનંદન નહિં પણ અભિવાદન કરવાનું યોગ્ય લાગે છે. ખૂબ ખૂબ ધન્યવાદ !

મુકિત યાત્રાનો માર્ગ બતાવનારી આ નાની પુસ્તિકા અધ્યાત્મ માર્ગીઓને ખૂબ ખૂબ ઉપયોગી બની રહેશે.

તા. ૧૪-૬-૯૫ ડૉ. એમ. એમ. પંડયા

'દિક્‌પાલ'

મઢી, જિ. સુરત - ૩૯૪ ૩૪૦.

પ્રિય શ્રી ગોવિંદભાઈ,

'મુકિતની માળા' મને મોકલીને આભારી બનાવ્યો છે! સંક્ષિપ્ત છતાં સચોટ ને વિષય આધ્યાત્મિકતાનો છતાં તેની સમજ સરળ ભાષામાં રજૂ કરી છે. અભિનંદન !! વંદન !

તા. ૧૩-૪-૯૫ ડૉ. ધીરૂભાઈ દોશી

SAN JOSE

CA. U. S. A.

બ્રહ્મલીન મહંત શ્રી દયારામદાસ ગુરુ કરસનદાસજી



જન્મ : ૧૪ ડિસેમ્બર, ૧૯૨૨

દેહાંત : ૩૧ જુલાઈ, ૧૯૮૮

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ ।
ગુરુર્સાક્ષાત્પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥

# બ્રહ્મલીન મહંત શ્રી ગોકળદાસ ગુરુ તુલસીદાસજી



**જન્મ : ૩૧ ડિસેમ્બર, ૧૯૩૦**

**દેહાંત : ૭ સપ્ટેમ્બર, ૧૯૯૮**

ધ્યાનમૂલં ગુરોમૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્ ।
મંત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા ॥

# સદ્ગત શ્રી ધીરજભાઈ ભગાભાઈ ભક્ત



જન્મ : ૧ મે, ૧૯૨૬

અવસાન : ૨૬ જૂન, ૧૯૯૭

## સદ્‌ગત શાન્તાબેન ધીરજભાઈ ભક્ત



જન્મ : ૧ નવેમ્બર, ૧૯૩૪

અવસાન : ૨૫ ડિસેમ્બર, ૧૯૭૬

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના |
|---|---|---|
| ૧ | અભિપ્રાય | ૧ |
| ૨ | અનુક્રમણિકા | ૮ |
| ૩ | મણકો ૧ ભગવાનની ઓળખ | ૯ |
| ૪ | મણકો ૨ અહં બ્રહ્માસ્મિ | ૧૦ |
| ૫ | મણકો ૩ ગુરુદેવ | ૧૨ |
| ૬ | મણકો ૪ ભકિતયોગ | ૧૩ |
| ૭ | મણકો ૫ દ્વષભાવ | ૧૭ |
| ૮ | મણકો ૬ અભ્યાસ | ૧૮ |
| ૮ | મણકો ૭ અહંકાર | ૨૧ |
| ૯ | મણકો ૮ સંગવર્જિત | ૨૩ |
| ૧૦ | મણકો ૯ અનુદર્શન | ૨૫ |
| ૧૧ | મણકો ૧૦ અનાસકિત | ૨૭ |
| ૧૨ | મણકો ૧૧ અદેખાઈ | ૨૯ |
| ૧૩ | મણકો ૧૨ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ | ૩૧ |
| ૧૪ | મણકો ૧૩ સુખ-દુઃખ (ભગવાનની પ્રસાદી) | ૩૩ |
| ૧૫ | મણકો ૧૪ સૃષ્ટિને ભજવી કે ભોગવવી | ૩૫ |
| ૧૫ | મણકો ૧૫ ભકિતની શકિત | ૩૭ |
| ૧૬ | મણકો ૧૬ ભકિતધારા | ૩૯ |
| ૧૭ | મણકો ૧૭ નવધા ભકિત (રામાયણ) | ૪૧ |
| ૧૮ | મણકો ૧૮ નવધાભકિત | ૪૩ |
| ૧૯ | મણકો ૧૯ શરણાભકિત (રામકૃષ્ણ) | ૪૫ |
| ૨૦ | મણકો ૨૦ શ્રધ્ધાભકિત (વૈદ્યો નારાયણો હરિ) | ૪૭ |
| ૨૧ | મણકો ૨૧ ભકિત થકી શકિત (પાંડુરંગ) | ૪૯ |
| ૨૨ | મણકો ૨૨ ભજનકીર્તન | ૫૧ |
| ૨૩ | મણકો ૨૩ મુકિત | ૫૩ |
| ૨૪ | મણકો ૨૪ કર્પૂરગૌરવમ્ કરુણાવતારમ્ | ૫૫ |

## મણકો-૧

## ભગવાનની ઓળખ

મહાત્મા ગાંધીજીએ સાગરનું દષ્ટાંત આપીને ભગવાનની ઓળખાણ કરાવી છે. સાગર જળબિંદુઓનો બનેલો છે. તેનું એક એક જલબિદુ નોખું છે, છતાં સમસ્ત સમુદ્રનો ભાગ હોય છે. આ રીતે સમુદ્ર એક છે, અને અનેક પણ છે.

તે જ રીતે આ સંસાર-સાગરના આપણે સૌ નાનાં નાનાં બિંદુઓ છીએ. તેથી મારે મારા જીવન સાથે તેમજ એકકે એક જીવ સાથે એકરૂપ બની જવું જોઈએ.ભગવાન ઘટઘટમાં વ્યાપ્ત હોવાને લીધે વરતાતી જીવનની ભવ્યતા મારે મારામાં અનુભવવી જોઈએ. જીવ માત્રનો જે સંઘ તેનું નામ ભગવાન !!

સંત વિનોબાજીએ ૐ કારના સ્વરૂપમાં ભગવાનની ઓળખાણ કરાવી છે. આ વીસમી સદીમાં પણ પરમાત્મા છે. તે આજે છે, કાલ હતો અને આવતી કાલે પણ હશે. તે કાયમ છે, તેની સૃષ્ટિ કાયમ છે.

...કમર કસીને હું પણ સાધના કરવા તૈયાર છું.હું સાધક છું. તે ભગવાન છે. અને આ સૃષ્ટિની પૂજા એ સાધન છે. આવી ભાવનાથી હૃદય ભરાય જાય ત્યારે કહી શકાય કે ૐ(ઓમ) અમારા ગળે ઊતરી ગયો છે. ''તે છે-હું છું-મારી સાધના'' પણ છે. એવો આ ૐ કાર ભાવ મનમાં વસી જવો જોઈએ.

તમે ભગવાન તરફ ચાહે પ્રેમભાવથી જાવ, જિજ્ઞાસુ બુધ્ધિથી જાવ,વિશ્વ કલ્યાણની ભાવનાથી જાવ અથવા વ્યકિતગત કામનાથી જાવ, પંરતુ એકવાર પ્રભુના દરબારમાં પંહોચી જાવ.

ઈશ્વરના શરણમાં જવાની પ્રેરણા જન્મ્યા પછી ઢીલ કર્યા વગર સ્વીકારો.

મારું મારું કરે....................તેને મારું<br>
(પોતાનું) (શિક્ષા કરું)<br>
તારુ તારું કરે.....................તેને તારું<br>
(તમારું) (ઉગારું)

## મણકો-૨

# અહં બ્રહ્માસ્મિ

અહં બ્રહ્માસ્મિઃ   આત્મા સો પરમાત્માઃ   હું કોણ છુંઃ

આ સૃષ્ટિના કર્તાહર્તા એ એક એવી શકિત છે. કે જે શકિત અવિરતપણે સર્જન અને વિર્સજનની ક્રિયા કરી રહેલ છે. આ શકિતને પ્રત્યેક ધર્મમાં જુદાં જુદા નામ અપાય છે. આ શકિત તે દૈવી તત્ત્વ. આ દૈવી શકિત જે ધારણ કરે તે દેવ. પણ દેવના દેવ ભગવાન છે.

''અહો દેવના દેવ હો વિશ્વ સ્વામી,

કરું હું સ્તુતિ આપની શીશ નામી.''

દેવ-દેવીના જે સ્વરૂપો પૂજાય છે તે બધા દેહધારી અને નામધારી સ્વરૂપો છે. આ સ્વરૂપો પણ જન્મ-મરણની ક્રિયાથી મુકત નથી. જન્મ મરણની ક્રિયાથી જે મુકત છે. અને જે આ સૃષ્ટિના કર્તાહર્તા છે. તે અવિનાશી તત્ત્વની પૂજા અને ઉપાસના થાય છે. તો બીજી તરફ '' અહં બ્રહ્માસ્મિ'' ની માન્યતા પણ કાર્યરત છે.

જે બ્રહ્મ તત્ત્વએ, જે બ્રહ્માએ સુષ્ટિનું સજર્ન કર્યુ તે જ બ્રહ્મત્વનો હું એક ભાગ છું. આ વિચારમાંથી- આ શ્રધ્ધામાંથી ભકિતભાવનો જન્મ્યો કેમ કે એમાંથી જ આત્માનો અને આત્મશકિતનો વિચાર ઉદ્ભભવ્યો છે. અને તેથી જ આગળ ઉપર ''આત્મા સો પરમાત્મા''ની માન્યતાનો પણ ઉદ્ભભવ થયો છે.

આવી શ્રધ્ધામાંથી માણસને ભકિતભાવ જાગ્યો અને ભગવાનની પ્રાપ્તિ માટે તે ઉપયોગમાં લેવાયો. 'આત્મા સો

પરમાત્મા'ના ખ્યાલમાંથી માનવીએ ''હુ કોણ છું''ની શોધ આદરી. આ શોધને અંતે માનવીને સમજાયું કે માત્ર મારા એકલાની અંદર જ આ આત્મતત્ત્વ કે ચૈતન્યતત્ત્વ નથી પરંતુ મારા ઉપરાંત સમગ્ર માનવ જાતમાં તેમજ જડ ચેતનમાં, જલ-સ્થલમાં પણ પરમ પરમાત્માનું પંચતત્ત્વ વ્યાપ્ત છે.

આ પાંચેય તત્ત્વના સંયોગથી બનેલી જીવ સૃષ્ટિમાં તેમજ જડ અને ચેતન પદાર્થોમાં પણ પરમાત્માની શકિત પ્રસરેલી છે. આ સર્વમાં ઈશ્વરનો વાસ છે. આ માન્યતાના આધારે દેવ-દેવીની મૂર્તિની પૂજા ઉપરાંત પર્વતો, નદીઓ, તીર્થસ્થાનો પવિત્ર ગણાયા અને પૂજાયા. અને એ સ્વરૂપોની પૂજા ઉપાસના દ્વારા પરમાત્માને પામવાની શ્રધ્ધાનો ઉદ્ભવ થયો.

સૃષ્ટિ તો મંગળ સ્વરૂપ ભગવાનનું સર્જન છે. મંગળમાંથી મંગળ જ પેદા થાય. મંગળમાંથી અમંગળ પેદા ન થાય! ભગવાન મંગળ છે. તેથી સમગ્ર સૃષ્ટિ પણ મંગળ જ હોય. એટલે જેટલા પૂજ્ય ભગવાન એટલી જ પૂજ્ય સૃષ્ટિ કે સૃષ્ટિના પદાર્થો. એટલે ભગવાન માટે જેટલો આદર તેટલો જ આદર સૃષ્ટિ કે સૃષ્ટિના પદાર્થો તરફ ભકતને હોઈ શકે!

એમ બને ત્યારે ભંકત ભગવાનનો દાસ અને ભગવાન ભકતના દાસ એકાકાર થાય !!

---

## મણકો-૩

# ગુરુદેવ

સંસાર વ્યહવારની વચ્ચે રહીને પણ સંસાર વ્યહવારમાંથી મનને અલિપ્ત કરી, સંપૂર્ણ ત્યાગી બનીને પરમતત્ત્વ પરમાત્માની શોધમાં જેઓ નીકળી ગયા અને પામ્યા તેઓ સંત કહેવાય. આવા સંતોની શકિત તે ઈશ્વરની શકિત ગણાવા લાગી. જયારે બીજી બાજુ સંસારના સામાન્ય જીવોને સમજાયું કે ''ગુરુ વિના જ્ઞાન નહિ- ગુરુ બિન કૅાન બતાવે વાટ?''

ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વર, ગુરુ સાક્ષાત્ પર બહ્મ-આમ સર્વ દેવો, સમાન ગુરુ જ છે. તેવી શ્રધ્ધા પ્રચાર પામી અને ગુરુએ પરમાત્માની પ્રાપ્તિ કરાવી પામર જીવોને પરમપદના અધિકારી બનાવે એવી પણ માન્યતાનો સ્વીકાર થયો.

ગુરુ વાણીમાંથી બીજી બાજુ એ વિશ્વાસ દઢ થયો છે કે મારા પોતાનામાં જ પરમાત્માએ આત્મશકિત મૂકી છે. આ આત્મશકિત એ પરમાત્માની શકિતનો જ ભાગ હોવાથી '' આત્મા સો પરમાત્મા- હું જ પરમાત્મા''છું. આમ ''હું કોણ છુ'' નો હુંકાર જ્ઞાન પણ પ્રચલિત થયું.

''હું કોણ છું'' એવો જાગેલો આત્મા ગુરુ શરણ લઈને મૃત્યુને મારીને અમર થઈ જાય અને પરમાત્માને પામે છે. સામાન્ય જીવોને આ જ્ઞાન ગુરુ વગર થતું નથી.ગુપ્ત રહસ્યના ભેદ પામી શકાતા નથી, તેમજ આત્મા વિષયક સંશય મટતો નથી. આ બધુ જ્ઞાન ગુરુ થકી જ પાપ્ત થાય અને ગુરુ થકી જ પરમ પદને પ્રાપ્ત કરી શકાય. માટે એવા પરમપદને કે પરમાત્મ તત્ત્વને પામવા સદ્ગુરુને ભજવા!!

શ્રી રામે પણ શબરીને ભકિતનો બોધ આપેતાં કહેલું કે સંત પુરુષને મારા કરતાં પણ અધિક માનવા!!

# મણકો-૪
## ભક્તિયોગ

:શ્રી કુષ્ણની મુખવાણી: :તે મને અતિશે પ્રિય:

-મારે અર્થે કરે કર્મો, મત્પરાયણ ભકત જે;
દ્વેષહીણ, અનાસકત, તે આવી મુજને મળે.

ગીતાનો બારમો અધ્યાય ભક્તિયોગ અમૃતની ધરા સમો મધુર અને સંજીવની સમી છે. આ સૃષ્ટિના કર્તા-હર્તા એ એક એવી શક્તિ છે કે જે શક્તિ અવિરતપણે સર્જન- વિસર્જનની - ક્રિયા કરી રહેલ છે. એ અવિનાશી શક્તિને પામવાથી સર્જન-વિસર્જનની (જન્મ-મૃત્યુની) ઉપાધિમાંથી મુક્તિ મળે છે. તો એ શક્તિને પામવા શ્રી કૃષ્ણે પોતાના સ્વમુખે ઉપદેશેલ વાણીનું રહસ્ય ભક્તિયોગમાં નિરૂપણ કર્યું છે.

માત્ર ૨૦ (વીસ) શ્લોકના આ ભક્તિયોગને ત્રણ વિભાગમં સમજીને હ્રદયસ્થ કરી આચરવામાં આવે તો તે જીવ (આત્મા) ભગવાનને અતિશય પ્રિય બને, અને તેને મુક્તિ મળી શકે.

પહેલા ૧ થી ૭ શ્લોક ભક્તિના પાયારૂપ બેઠક છે, જેમ મકાનની મજબૂતાઈ પાયાને આભારી હોય છે. ૮ થી ૧૨ શ્લોક મધ્ય ભાગરૂપ છે. જેમ મકાનની અંદરના ભાગમાં એટલે કે છત અને ચાર દીવાલોની ચોવીસે કલાક વાસ કરી શકાય. ૧૩ થી ૨૦ શ્લોક આભને અડતા શીર્ષરૂપ છે. જેમ કે મકાનના છાપરાની ટોચનો ભાગ આકાશને અડવા જાય છે. શિખરરૂપ શીર્ષ છે.

ભક્તિયોગના ૧૩ થી ૨૦ શ્લોકોમાં ભકતના ૪૦ (ચાલીસ) લક્ષણો:-

(૧)પ્રાણીમાત્રનો દ્વેષ ન કરનાર (૨) સૌનો મિત્ર(૩) કરુણાભાવવાળો (૪) મમતાથી રહિત. (૫) અંહકાર રહિત. (૬) સુખ અને દુઃખમાં સમભાવ રાખનારો.(૭) ક્ષમાવાળો.(૮) નિરંતર સંતોષ પામેલો. (૯) યોગી (૧૦) મન અને ઈન્દ્રિયો સહિત શરીરને વશ રાખનારો. (૧૧) દઢ નિશ્ચયવાળો (૧૨) મન ભગવાનને અપર્ણ કરનારો. (૧૩) બુધ્ધિ ભગવાનને અર્પણ કરનારો. (૧૪) જેનાથી સંસારમાં કોઈ પણ પ્રાણી સંતાપતું નથી. (૧૫) જે પોતે કોઈ પ્રાણીથી સંતાપ પામતો નથી. (૧૬) અભિમાન રહિત.(૧૭)અદેખાઈથી રહિત. (૧૮)ભયથી રહિત. (૧૯) ઉદ્વેગથી રહિત. (૨૦) ભગવાન સિવાય બીજા કશાની અપેક્ષા ન રાખનારો. (૨૧) પવિત્ર (૨૨) ચતુર (૨૩) તટસ્થ રહેનારો (૨૪) દુઃખોથી છૂટી ગયેલો (૨૫) સંપૂર્ણ ત્યાગ કરનારો (૨૬) શુભ પ્રાપ્તિમાં હર્ષ ન પામનાર (૨૭) અશુભ પ્રાપ્તિમાં શોક ન કરનારો.(૨૮)શોક રહિત સર્વદા (૨૯) કશાની ઈચ્છા ન કરનારો. (૩૦) શુભ અને અશુભની સમજણનો સંપૂર્ણ અભાવવાળો.(૩૧)શત્રુમાં અને મિત્રમાં સમભાવ રાખનારો. (૩૨) માન અને અપમાનમાં મનનો સમાનભાવ રાખનારો (૩૩) ટાઢ અને તડકામાં સમાનભાવ રાખનારો.(૩૪) સુખ-દુઃખ આદિમાં સમાનભાવ રાખનારો.(૩૫) આસકિત રહિત (૩૬)નિંદા અને સ્તુતિમાં સમાન ભાવ રાખનારો.(૩૭) મનનશીલ (૩૮) અનાયાસે પ્રાપ્ત થયેલી કોઈપણ પરિસ્થિતિમાં સંતોષી રહેનારો. (૩૯) આ સ્થાન મારું ઘર છે એવી ભાવનાથી મુકત રહેનારો (૪૦) સ્થિર બુધ્ધિવાળો.

ભગવાન કહે છે. એવા ગુણો ધરાવતો ભકત મને અતિશે પ્રિય છે.

૪૦ લક્ષણો પૈકી સૌથી પહેલું લક્ષણ બતાવ્યું છે કે " પ્રાણી

માત્રનો દ્વેષ ન કરવો'' અને સૌથી છેલ્લું લક્ષણ બતાવ્યું છે ''સ્થિર બુધ્ધિ (સ્થિતપ્રજ્ઞ)''

ઈશ્વર પરાયણ ભકત બનવા પાટે સાધકમાં ઘણા ગુણો હોવા જોઈએ. પણ ઉપરના બે ગુણ વગર તો હરગીજ ન ચાલે. જેના અભાવમાં ભકત ન જ બની શકાય. અથવા બની શકાય તો અપૂર્ણ ને અસ્થિર ભકત બની જવાય. જેથી એ બે લક્ષણોને પહેલા અને છેલ્લા સ્થાને મૂકવામાં આવ્યાં છે.

ભકતમાં ભાવ પણ જોઈએ અને જ્ઞાન પણ જોઈએ. ભાવ વગર તો ભકત નહિ જ બની શકાય અને જ્ઞાનના અભાવથી વેવલા, પોચકા, પોમલા ભકત બનાશે. તેથી પહેલા લક્ષણમાં ભાવ પર ભાર મૂકયો છે. અને છેલ્લા લક્ષણમાં જ્ઞાન (સ્થિરબુધ્ધિ- સ્થિતપ્રજ્ઞ) પર ભાર મૂકયો છે.

'દ્વેષ ન કરવો' એ પહેલું લક્ષણ નકારાત્મક છે. તેમાં ભકતે શું ન કરવું જોઈએ તે કહેવાને બદલે શું ન કરવું જાઈએ તે કહ્યું છે. ભકતમાં ભાવ હોવો જાઈએ ભાવ એટલે પ્રેમ. પણ ભાવનું વાવેતર કરતાં પહેલાં મનંની ભૂમિમાં ઉગેલા જાળાં-ઝાંખરા અને કાંટાળા છોડ તથા પથરા દૂર કર્યા વગરની ભૂમિમાં કરેલું વાવેતર કાં તો ઊગશે જ નહિ અને ઊગશે તો તેમાં બહુ ભલીવાર નહિ હોય. તેથી મનની ભૂમિમાં ભાવ પ્રેમનું વાવેતર કરતાં પહેલાં ત્યાં રહેલા દ્વેષભાવ રૂપી કાંટાળા છોડ અને પથરાને સંપૂર્ણપણે દૂર કરવા જોઈએ. બી વાવવાં એ જ ખેતી નથી. જમીન સાફ કરવી એ પણ ખેતી છે. કોઈપણ સમજદાર ખેડૂત જમીન સાફ કર્યા વગર કીમતી બીજ વાવીને નહિ વેડફે તેથી કરીને 'દ્વેષ ન કરવો'કે 'દ્વેષ દૂર કરવો' એ આદેશ

નકારાત્મક લાગવા છતાં ખૂબ જ જરૂરી એવી હકારાત્મક સલાહ છે. માટે અદ્વેષની સ્થિતિ પ્રાપ્ત થયા પછી બાકીના બધા ગુણો સહજ રીતે વિકસી શકે. અદ્વેષની સ્થિતિ નહિ હોય તો ભક્તિમાર્ગમાં ડગલું પણ માંડી શકાશે નહિ, તેમજ મતિ સ્થિર ન હોય તો ડગલું માંડયા છતાં ગમે ત્યારે ગબડી પડાશે. ટકી શકાશે નહિ. તેથી ભક્તિમાર્ગ પર ચાલનારની સ્થિર મતિ પણ હોવી જ જોઈએ.

ભક્તિયોગ અધ્યાયને અંતે અધ્યાયમાં કહેલી બધી વાતો માટે એક શબ્દ છે. ધર્મામૃત!! ધર્મરૂપી અમૃત- ધર્મ ને પંથે ચાલનારને માટે અમૃત તુલ્ય વાનગી. આ ઉપદેશની વાણી અમૃતનો થાળ છે. જીવતા માટે મૃત્યુને મારી નાંખે તેવું અને મરેલાને બેઠો કરે તેવું અમૃત!!

આ ધર્મામૃતને સેવે, શ્રધ્ધાથી જેમ મેં કહ્યું,
મત્પરાયણ જે ભક્ત, તે મને અતિશે પ્રિય

- ભગવાન શ્રી કૃષ્ણ

---

: ભજન :

પ્રભુ મારા પિતાને શાંતિ ધરી દો,
હરિ તમે હળવો કરો મારો ભાર
મમતા કેરા મૂળને કાપો, કલેશ બધાયે ટાળો,
પૂર્ણ કરી દો, મુક્ત કરી દો, ધન્ય કરી દો આજે... પ્રભુ મારા.
ઈચ્છાઓ સઘળી શાંત કરી દો, સુણજો પ્રાર્થના મારી
જીવન એમને પ્રેરક બનજો. આશીષ વર્ષા સદાયે...પ્રભુ મારા.

●

## મણકો-૫

## દ્વેષભાવ

અધ્યાત્મ તરફ આગળ વધવા પ્રેમ માર્ગ પર ડગલું મૂકતાં પહેલાં મનમાં પડેલી બુરાઈઓ કે હલકી વૃત્તિઓ હોય તેને દૂર કરવી જરૂરી છે. કોઈનું બૂરુ કરવું, બૂરુ થાય એમ મનમાં ઈચ્છવું, બૂરુ થતું જોઈ મનમાં રાજી થવું, બૂરુ નથી થતું એ જોઈ મનમાં નારાજ થવું, જાતે બૂરુ ન થઈ શકે તેમ હોય ત્યાં બીજા મારફતે બૂરું કેરાવવાની યોજના કરવી અને એમાંનું મોટાભાગનું તો કશા કારણ વગર, કશા વિચાર વગર, કેવળ મનના તરંગ કે ઉછાળાથી કરવું. એનો કોઈ હિસાબ કરવા બેસે તો તો તેની કોઈ સીમા જ નથી.

આથી ઈશ્વરની ઈચ્છા પામનાર સાધકે પોતાના મનમાં પડેલી આવી વૃત્તિઓનું નિરીક્ષણ-પરીક્ષણ કરીને દઢ સંકલ્પ દ્વારા એને ઉખેડી મનની ભૂમિને બીલકુલ ચોખ્ખી અને ભકિતની વાવણી માટે યોગ્ય બનાવવાનો પુરુષાર્થ સૌ પ્રથમ કરવો જોઈએ.સાધકની આગળ ઉપર થનારી સાધનાનું આ ભોંયતળિયું યા પ્લિંથ છે. આ પ્લિંથની મજબૂતી ઉપર એની ભકિતની ઈમારતની મજબૂતી અને ઊંચાઈ આધાર રાખે છે. ભકિતમાર્ગ માટે એ બહારથી ન દેખાતો પણ જમીનમાં છુપાયેલા પાયા સમાન છે.

આથી ઊંચે ઊઠીને ગીતામાં પણ સૌ પ્રથમ કહ્યું છે. કે ભૂત માત્રનો દ્વેષ ન કરવો. મનુષ્યનો જ નહિ, પ્રાણી માત્રનો એટલે કે મનુષ્ય સિવાયનાં પશુ-પક્ષી-જીવજંતુ તેમજ વનસ્પતિ શુધ્ધાનો! પણ એટલેથી ય અટકવાનું નથી, ભૂત માત્રનો દ્વેષ ન કરવો. ભૂત શબ્દનો

અર્થ ખૂબ વ્યાપક છે. જેનું અસ્તિત્વ છે. એવી જડ ચેતન તમામ હસ્તીઓ ''ભૂત''માં આવી જાય છે. તેથી સજીવ સૃષ્ટિ ઉપરાંત નદી, તળાવ, કૂવો, પૂલ, બસ, રેલ્વે, ટયુબ, મકાન, દુકાન અરે દુકાનની વસ્તુઓ કે જે કાંઈ નજરે પડે છે વગેરે વગેરે વગેરે એ બધાં જ 'સર્વ ભૂત'માં આવી જાય છે. મતલબ કે પૃથ્વી પરના તમામ પ્રાણીઓ-પદાર્થો 'ભૂત'ની વ્યાખ્યામાં આવી જાય છે.

તેથી સાધક ભકતને ગીતાએ તેમ જ અન્ય ધર્મશાસ્ત્રોએ સલાહ આપી છે કે હમણા પ્રભુમાર્ગે પ્રેમ ન જાગતો હોય તો ચિંતા નથી પણ તારામાં રહેલા દ્વેષભાવને તું નિર્મૂળ કરી શકે તો પણ અર્ધુ યુધ્ધ તો તું જીતી ગયો એમ જાણજે.

અંગ્રેજીમાં પણ કહેવત છે કે '' વેલ બીગન ઈઝ હાફ ડન''-આંરભ સુંદર હોય તો કામ અર્ધુ થઈ ગયા બરાબર છે.

---

રામ ધૂન લાગી, ગોપાલ ધૂન લાગી;
કબીરાની વાણી સૂણી, રામ ધૂન લાગી.
સત્ય ધન લાગી, સેવા ધન લાગી;
ગાંધીજીની વાણી સૂણી, સત્ય ધૂન લાગી.

•

## મણકો-૬

## અભ્યાસ

અભ્યાસ એટલે એકની એક ક્રિયા ફરી ફરી કરતાં રહેવું. પણ ફરી ફરી એટલે કેટલી વાર? ભકિતમાં અભ્યાસની પણ ખાસ જરૂર છે. અભ્યાસ વિના મન-બુધ્ધિને ભગવાનમાં સ્થાપિત કરી શકાતાં નથી. મન બુધ્ધિની એવી જોડ છે કે ભકિતમાર્ગમાં સાધકને વિચલિત-અસ્થિર કર્યા કરે છે. એને બાંધીએ કે વાળીએ તો એક સેંકડ માટે ત્યાં રહે અને વળી દુનિયામાં દોટ જ મૂકી છે. વળી એમને પકડી ત્યાં બેસાડયાં અને પાછાં બેપળમાં છૂમંતર થઈ જવાનાં. બસ એક જાતની પકડદાવ રમત જ સમજો. મન બુધ્ધિ જરૂર ભાગવાનાં અને સાધક એને પકડીને પાછા જરૂર ખીલે બાંધવાનાં. એમનું કામ ખીલો તોડી છટકી જવાનું અને સાધકે તેને ફરી ફરી ખીલે બાંધતા રહેવાનું.

એમાં કંટાળો આવે ખરો પણ આ કામ અઘરું કે અટપટુ નથી. એમાં ન આવડે એવું કશું નથી. આમાં જે ચમત્કાર છે તે ફરી ફરી કરવામાં છે. એનું જ શાસ્ત્રીય નામ છેઃ અભ્યાસઃ ફરી ફરી કરવાની ક્રિયામાં રસ ન રહે કે ઓછો થઈ જાય તેમ બને, પણ નિશ્ચયપૂર્વક સતત મંડયા રહેવું. વચ્ચે મળતી નિષ્ફળતા તરફ નજર સુધ્ધા ન કરવી. તો અંતે આપણને હરાવવામં નિષ્ફળતા પોતે જ નિષ્ફળ નીવડશે અને ''સતત પ્રયત્ન'' ની ક્રિયાથી સફળતા સાધકના અભ્યાસયોગના ચરણમાં ઝૂકી પડશે.

વેદના ઋષિ પણ કહે છે કે ''ચરૈવેતિ, ચરૈવેતિ.'' ચાલતાં જ રહો, ચાલતાં જ રહો. ચાલતાનું નસીબ જ ચાલતું રહે, બેસી રહેલાનું નસીબ બેસી રહે અને સૂતેલાનું નસીબ સૂતેલું જ રહે.

નીડકા નિર્માણફીર: એક યુવાન કવિના પત્નીનું એકાએક અવસાન થયું. તેની વિરહ વેદનામાં કવિ એવા ભાંગી પડયા કે જીવનમા તેમને કોઈ રસ રહ્યો નહિ. અને કવિ કેવળ શરીરથી જ જીવતા હતા. કવિનું જીવન શૂન્ય બની ગયું. મનની એવી ઘોર વિષાદપૂર્ણ સ્થિતિમાં એમના એક મિત્રનો પત્ર આવ્યો. એ પત્રથી કવિનું જીવન ફરીથી નવપલ્લવિત થયું.

પત્ર લાંબો હતો પણ એમાં લખાણ એક જ લીટીનું હતું. મિત્રે લખ્યુ હતું કે 'નીડકા નિર્માણફીર' નીડ એટલે માળો. જીવનનો માળો અકાળે પીખાઈ ગયો તેમાં આપણા હાથમાં કશું નથી, પણ આપણા હાથમાં ફરીથી માળો બનાવવાનું તો છે. એમ કરતાં તમને કોણ રોકે? તમને ભય હશે કે બીજીવાર માળો પીખાઈ જાય તો? કદાચ એવા ડરથી તમે બીજીવાર માળો નહિ રચતા હો તો તેનો આ જવાબ છે:-

અને મિત્રે ''નીડકા નિર્માણ ફીર'' આટલું લખ્યા પછી આ:ખો કાગળ પૂરો થયો ત્યાં સુધી સેંકડો વખત એક જ શબ્દ લખ્યા કર્યો હતો - ફીર, ફીર, ફીર, ફીર.... કેટલી વાર ? એનો જવાબ મેળવવાની જરૂર નથી નજર માત્ર ફીર પર રાખો. ચમત્કાર ફીરમાં છે - ફીરની સંખ્યામાં નહિ. અટકયા વગર ફીર, ફીર, ફીર ચાલુ જ રાખો, ચાલુ જ રાખો અને એક ક્ષણે અચાનક ખબર પડશે કે જયાં પહોંચવાનું હતું ત્યાં પહોંચી ગયા છીએ !!

## મણકો : ૭
## અનહંકાર

માનવી કંઈ પણ કર્મ કરે છે તરત તેનામાં 'આ મેં કર્યું' એવો અહમ્‌ભાવ કે અભિમાન ઉત્પન્ન થાય છે, અને 'મેં' રૂપી અહંકારના પીંજરામાં પોતાના કર્મોને પૂરતો જાય છે.

પરંતુ વાસ્તવમાં તો શરીર કે ઈન્દ્રિયો વગેરે કેવળ સાધન છે અને તેની મારફત ઈશ્વરની ઈચ્છા પ્રમાણે કાર્યો થયા કરે છે. કર્તૃત્વ શકિત તો એક માત્ર ઈશ્વરના હાથમાં જ છે.

ગીતામાં કહ્યું છે કે :

'વસીને સર્વ ભૂતોના પરમેશ્વર, માયાથી ફેરવે સૌને જાણે યંત્ર પરે ધર્યા.' માનવ તો યંત્ર સમાન છે, યંત્ર ચલાવનારો તો ભગવાન છે. માટે 'હું કરું - હું કરું, મેં કર્યુ, મેં કર્યું' કહેવું મિથ્યા છે.

ઈશ્વરની માયા શકિતથી શરીર ઈન્દ્રિયો દ્વારા થતાં કાર્યોમાં જીવને અહમ્ બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને આ બધું 'હું કરું છું, મેં કર્યુ' એમ તે સમજવા લાગે છે. પણ એ ખોટી સમજણ છે અને એને કારણે બંધનો ઊભા થાય છે. વાસ્તવિક કર્તા પરમાત્મા કે તેની માયા શકિત જ છે અને હું તો કેવળ નિમિત્ત કે સાધન કે સાક્ષીમાત્ર છું એવી સમજણ તે જ સાચી સમજણ છે.

એવી સાચી સમજણ એકાએક નથી આવી જતી, પણ પ્રયત્ન કરતા રહેવાથી ધીમે ધીમે આવે છે, અને વિકાસ પામે છે. અંતે

સૃષ્ટિના વિસ્તારના અંતિમ રહસ્ય સુધી આવો પ્રયત્ન પહોંચાડી શકે. તેથી અનહંકારના જ્ઞાનને ભક્તિના લક્ષણમાં મહત્ત્વનું સ્થાન છે.

'કર્તા હું નથી' એટલું જાણવું પૂરતુ કે બહુ લાભદાયી બને તેમ નથી. કર્તા હું નથી તો આ જે બધું થઈ રહ્યું છે તેનો ખરો કર્તા કોણ છે એ જાણવું એ જ સાચું જાણેલું કહેવાય. અને તે પછી આ બેવડી સમજણનો આરંભ સહેલા એવા પહેલા પગથિયા 'હું કર્તા નથી'થી કરવાનો છે. એ પહેલું પગથિયું પોતે જ આપણને બીજા પગથિયા ભણી દોરી જશે.

---

હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે,
જોગી જોગેશ્વરા કોઈક જાણે.

•

## મણકો : ૮

## સંગ વર્જિત

### (આસક્તિનો ત્યાગ)

સંગ એટલે આસક્તિ. આસક્તિનો ત્યાગ એક જ છલંગે નહિ થઈ શકે. આસક્તિ એ મન સાથે એવી જડાયેલી હોય છે કે સહજ રીતે કે કઠણ સાધના વિના દૂર થઈ શકતી નથી.

એને દૂર કરવા એવી સમજણ કેળવતા રહેવું કે હું આ કામ મારે માટે નહિ પણ ભગવાન માટે કરી રહ્યો છું, એવી સમજણ સાથે જ એ કર્મ માટેની, કર્મના ફળ માટેની આસક્તિ ઓછી થવા લાગશે. બાગ સુંદર છે, બાગના ફૂલ સુંદર છે ઘર સુંદર છે, ઘરમાં હીંચકો સુંદર છે, રસોડું સુંદર છે અને રસોઈ પણ સુંદર છે વગેરે વગેરે બધું મેં બનાવ્યું છે પણ મારા માટે નહિ પણ મારા ભગવાન માટે છે એવી સમજણ, ભોગ માટેની વૃત્તિ અને આસક્તિને દૂર કરે છે. કર્મ સાથે ભગવાન માટે એટલી ભાવના જોડી કે તરત એ કર્મના ફળ માટેની આસક્તિ લગભગ વગર પ્રયત્ને ક્ષીણ કે નષ્ટ થવા લાગશે. એકદમ એમ નહિ બને પણ ધીમે ધીમે તે ક્રમે ક્રમે ઘટવા લાગશે, અને આરંભમાં કર્મ ફળની જે દૃઢ આસક્તિ હશે તે ક્રમે ક્રમે ઘટવા લાગશે.

આસક્તિ એ રાગ છે. રાગનો સામો છેડો એટલે દ્વેષ. દ્વેષને પોતાનું વ્યક્તિત્વ નથી. દ્વેષ તો માત્ર છાયા, પ્રતિબિંબ કે પડઘો છે. મૂળ વસ્તુ કે ધ્વનિ જ ન હોય તો છાયા, પ્રતિબિંબ કે પડઘો પણ ન હોય. દ્વેષ એ રાગની છાયા, પ્રતિબિંબ કે પડઘો છે.

અવાજ મોટો તો પડઘો મોટો, અવાજ નાનો થતો જાય તો પડઘો પણ નાનો થતો જાય. માટે પડઘો દૂર કરવા પર નહિ પણ અવાજ (ધ્વનિ) ઓછો કરવા પર નજર રાખીએ તો પડઘો આપ મેળે જ ઓછો કે દૂર થઈ જાય.

મૂળ વસ્તુ અખંડ રહે ને કોઈ તેની છાયાને તલવાર મારી ટુકડા કરવા ચાહે તે કયાંથી થાય ? વસ્તુ હટાવી લો એટલે વગર ઘા કર્યે તેની છાયા નષ્ટ થઈ જશે. તેથી ધ્યાન કેન્દ્રિત કરવાનું છે સંગ કે રાગ ઓછો કરવા કે હટાવવા પર. રાગના અભાવમાં દ્વેષનું અસ્તિત્વ જ ન રહે.

સંગનો દીકરો કામ, કામનો દીકરો ક્રોધ અને ક્રોધનો દીકરો સંમોહ. ક્રોધમાંથી છેવટે દ્વેષનો જન્મ થાય છે. પરંતુ જેણે સંગ કે રાગ ઉપર બ્રેક મારી હોય એને માટે રાગ કે આસકિતનો વંશવેલો આગળ વધી દ્વેષ સુધી પહોંચે તેવી વેળા જ ન આવે.

ભકતનું પહેલું લક્ષણ છે દ્વેષથી પર થવું, અને દ્વેષનો જન્મ રાગ કે આસકિતમાંથી થતો હોય છે જેથી ભકતની સાધનામાં આસકિતના ત્યાગનું મહત્ત્વ અગ્રસ્થાને છે.

## મણકો : ૯

## અનુદર્શન

ભક્તિના માર્ગમાં સાધક માટે અનુદર્શનનું લક્ષણ પણ મહત્ત્વનું છે. અનુદર્શન એટલે સતત ચિંતન કે સતત દર્શન તો ખરું જ પણ જેને પ્રત્યક્ષરૂપમાં ચક્ષુઓથી ન જોતા હોઈએ એવી દૂરની વસ્તુઓનું કે ઘટનાઓનું પણ કલ્પના કરીને દર્શન કરવું તે પણ એમાં આવે. પચ્ચીસ વર્ષનો યુવાન તંદુરસ્ત છે, તે હજી વૃદ્ધ થયો નથી, હજી તે સુખી છે તેથી જીવનના કોઈ મોટા દુઃખોનો અનુભવ પણ કર્યો નથી. જીવન તેને આકર્ષક લાગે છે - બહુ આકર્ષક અને લોભામણું લાગે છે. તેથી તેમાં દોષો પણ છે એવી એને શંકા પણ થતી નથી.

તેમ છતાં એક ઓગણત્રીસ વર્ષના યુવાન રાજકુમાર સિદ્ધાર્થને પોતાને આવા જ દુઃખનો કશો અનુભવ આટલી ઉંમરમાં થયો નથી, અને રાજમહેલના વૈભવી અને સુખ, સમૃદ્ધિથી ભરપૂર વાતાવરણમાં રહે છે છતાં એક રોગી, એક વૃદ્ધ અને એક મૃત્યુ પામેલો માનવી જોઈ પ્રત્યક્ષમાં અત્યંત રૂપકડા અને લોભામણા દેખાતા જીવનમાં રહેલા દોષો અને દુઃખોનું દર્શન થયું અને તેઓ અડધી રાતે યુવાન, સુંદર, પ્રેમાળ પત્ની અને શિશુકમારનો ત્યાગ કરી, રાજભોગના વૈભવ, વિલાસને ઠુકરાવી ચાલી નીકળ્યા.

વૃદ્ધ થયો હતો કોઈ બીજો માણસ - સિદ્ધાર્થ નહિ, માંદો પડયો હતો કોઈ નગરજન - રાજકુમાર નહિ, મૃત્યુ પામ્યો હતો કોઈ અજાણ્યો આદમી - સિદ્ધાર્થ નહિ. પણ બીજાના સંદર્ભમાં બનેલી એ ત્રણ ઘટનાઓએ રાજકુમાર સિદ્ધાર્થને અણુઅણુમાં

હચમાચાવી દીધા અને એમના જીવનમાં એક ભયંકર ભૂકંપ, ઉલ્કાપાત, તોફાન સર્જાય ગયું એ અનુદર્શનનું પરિણામ !

આવતી કાલે એક કષ્ટ કે આપત્તિ આવવાની છે એમ પહેલેથી જાણી લેવું અને એમ જાણ્યા પછી એમાંથી કેમ બચી શકાય તે વિચારવું અને બૂદ્ધિથી શાશ્વત - અશાશ્વતના ભેદ અંતર દૃષ્ટિથી નિહાળી શકે એવું જ્ઞાન અનુદર્શનના લક્ષણ વિના થઈ શકે નહિ. માટે અનુદર્શનના અભ્યાસની ભકિતમાર્ગમાં ખાસ જરૂર છે.

રાજકુમાર સિદ્ધાર્થ કાંઈ એક જ દિવસે કે પેલી ત્રણ ઘટનાઓ જોઈને જ બુદ્ધ બની ગયા એમ માનવું ભ્રમ ભરેલું છે. સ્થૂળ આંખ જુએ તે દર્શન પણ બુદ્ધિ અપ્રત્યક્ષ બાબતોને જુએ તે અનુદર્શન.

---

નહીં યહ તેરા નહીં, યહ મેરા
ઈશ્વરકા યહ રાજ્ય હૈ.
ઈશ્વરકા જલ, ઈશ્વરકા ફલ
ઈશ્વરકા હી અનાજ હૈ.
ફોગટ ખાવે ચોર કહાવે
ગીતા કી આવાજ હૈ...નહીં.

●

## મણકો : ૧૦

## અનાસક્તિ

ભક્તિ માર્ગમાં અનાસક્ત યોગથી સાધક આગળ વધી શકે અને પૂર્ણતાને પામી શકે. આસક્તિ એટલે કર્મના ફળ મને મળે એવી ઈચ્છા. ફળ ઈચ્છયું કે મળ્યું એટલે બંધન નોતર્યું જ સમજો. કર્મથી છટકી કે છૂટી શકાય નહિ અને કર્મ કર્યું એટલે ફળ મળ્યું જ સમજો. ફળ મળ્યું કે બંધનની બે ગાંઠો વધુ પાકી થઈ. આમાંથી બચવાનો રસ્તો એક જ. કર્મ કરવું છતાં એના ફળની ઈચ્છા પણ ન કરવી.

જીવ માત્ર સાથે કર્મ જડાયેલું છે. કર્મ છોડે તે પડે અને કર્મ કરતો છતાં તેના ફળ છોડે તે ઊંચે ચડે. તમામ અનિષ્ટોનું, મૂળ છે ફળની આસક્તિ. ફળની આસક્તિ ન હોય તો મનુષ્યને અસત્ય બોલવાની કે હિંસા કરવાની લાલચ થતી નથી. એવું કોઈ પાપકર્મ નથી કે જેના મૂળમાં પ્રત્યક્ષ કે સૂક્ષ્મરૂપમાં કોઈ ને કોઈ ફળની આસક્તિ રહેલી ન હોય.

આસક્તિ રાખ્યા વિના જે કર્મો થતાં હોય એ જ સાચાં અને કરવા યોગ્ય કર્મો, અને એવું જીવન એ જ ધર્મમય જીવન. કર્મ ફળનો ત્યાગ અને આસક્તિનું દિવ્ય લક્ષણ બતાવીને ગીતાએ ધર્મને વ્યવહારમાં ઉતારવાનો સહેલામાં સહેલો માર્ગ બતાવ્યો છે. વ્યવહારમાં આ વાતને ઉતારતા કદાચ જિંદગી પણ ઓછી પડે. તેથી આજ નહિ તો કાલે, કાલ નહિ તો પરમ દિવસે, કયારેક તો સાચો સાધક લક્ષ્યને પહોંચી શકશે.

ગાંધીજીએ તો અનાસક્ત યોગને ગીતાનો સંપૂર્ણ સાર કહ્યો છે અને તેથી જ ગીતા ઉપરની પોતાની ટૂંકી ટિપ્પણી સહિતના અનુવાદને 'અનાસક્તિ યોગ' એવું નામ આપ્યું છે. પોતાની મર્મગ્રાહી દૃષ્ટિથી તેમણે ગીતાના સંપૂર્ણ અર્થને એક જ શબ્દમાં જણાવી દે તેવો 'અનાસક્તિ' શબ્દ યોજીને, એ એક શબ્દના રૂપમાં સંપૂર્ણ ગીતાના કેન્દ્રમાં રહેલા સારને રજૂ કરી દીધો છે. ગીતા એટલે અનાસક્ત યોગ કહ્યા પછી કહેવા જેવું કશું બાકી રહેતું નથી. પછી જે કાંઈ કહીએ એ બધું આ એક જ શબ્દની વ્યાખ્યા જેવું બની જાય છે.

ફળ માત્રની આસક્તિ છોડયા પછી પણ આપણે એક આસક્તિ તો કદી ન છોડીએ - અનાસક્તિની આસક્તિ !! આસક્તિ હોવા છતાં જે નિંદ્ય કે હાનિકર નથી એવી આસક્તિ તો એક જ - અનાસક્તિની આસક્તિ !! અનાસક્તિની આસક્તિનો જ યોગ સાધક સંસાર - સાગરને તરી શકશે !

---

મારું મૂંગાનું વચન, રામ તૂહી તૂહી !
મારું ગરીબ કેરું ધન, રામ તૂહી તૂહી !
જન્મ કાળે રે હિંડોળો, રામ તૂહી તૂહી !
મૃત્યુ કાળે શીતળ ખોળો, રામ તૂહી તૂહી !

●

## મણકો : ૧૧

## અદેખાઈ

## ( હલકો આનંદ)

સામે કોઈથી દેખી ન શકાય એવો ગુપ્ત કુભાવ અથવા અન્યના સુખ-શાંતિ કે ચડતી-પડતી જોઈને મનમાં જે હલકો આનંદ આવે તેનું નામ અદેખાઈ. એનું બીજું નામ છે દ્વેષભાવ.

દ્વેષ કરવા માટે ક્યારેક કોઈ કારણની પણ ખાસ જરૂર પડતી નથી. રસ્તે ચાલ્યા જતા અજાણ્યા માણસ પ્રત્યે પણ દ્વેષ કરી શકાય. ગાડીમાં દસ મિનિટ માટે મળેલા અજાણ્યા મુસાફર સાથે પણ દ્વેષ કરી શકાય, રસ્તામાં નિરંતે સૂતેલા કૂતરાનો કશા કારણ વગર દ્વેષ કરી તેને પથરો મારી ત્રાસ આપી શકાય, તડકામાં ઝાડ નીચે શાંતિથી ઊભા હોઈએ ત્યારે વગર કારણે તેની ડાળખી કે પાંદડાં તોડવાની સહજ વૃત્તિ પેદા થાય. કેવળ હલકી જાતના આનંદ ખાતર કૂવામાં ઢેફાં, પથરા કે તળાવમાં મરેલું કૂતરું નાંખી શકાય. તેમ અનેક રીતે અજ્ઞાની માણસ હલકા આનંદ તરફ પ્રેરાય છે.

ગમ્મત ખાતર કોઈના ખેતર કે ઘર પાસેના સૂકા ઘાસને આગ લગાડી શકાય, રસ્તા પરની લાઈટની ટ્યુબો ફોડી શકાય, જાહેર જગ્યાએ કે દીવાલો ઉપર ગંદા લખાણ કે ઉપયોગી સૂચનો કે ચિત્રો ઉપર છેકા છેકી કરી બગાડી શકાય, જે બસમાં બેઠા હોઈએ તેની ગાદી કાપી શકાય, કોઈની બારીના કાચ તોડી શકાય, કેવળ મોજ ખાતર ટ્રેનના ડબ્બાના સંડાસનો નળ ખુલ્લો મૂકી દઈ બાકીના ઘણા મુસાફરોને હેરાનગતિ આપી શકાય; ગમ્મત ખાતર નનામા કે ગંદા પત્રો લખી શકાય, ગંદી ને જૂઠી

વાતો ફેલાવી શકાય, કોઈના ઘરમાં ઝઘડો કરાવી શાંતિમાં આગ ચાંપી શકાય, વગેરે...વગેરે....

આ બધાં કાર્યો પાછળ ઘણીવાર તો ખાસ ઉદ્દેશ હોતો નથી. બસ, કેવળ મનની મોજ ખાતર અથવા દેખાદેખીથી આમ થઈ જતું હોય છે. મનુષ્યને પરમાત્માએ પ્રેમ કરવાની શકિત આપી છે પણ પ્રેમ કરવામાં જોર કરવું પડે છે. જ્યારે કોઈની અદેખાઈ કે હાનિ કરવામાં ખાસ મહેનત કર્યા વગર પણ ખૂબ આનંદ(હલકો) લૂંટી શકાય છે.

આવા પ્રકારનો હલકો આનંદ એ અદેખાઈ કે સૂક્ષ્મ દ્વેષનો જ દીકરો છે. જેણે આવા હલકા આનંદ ઉપર બ્રેક મારી હોય તે જ ભકિતમાં આગળ વધી શકે અને પૂર્ણતાને પામે !!

અ-દેખાઈ એટલે ન દેખાઈ અને તે મનમાં ઊઠતી હલકી વૃત્તિ.

---

ટૂંકું ટચૂકડું નામ, રામ રામ રામ બોલો !

રામ રામ બોલો,

સિયારામ નામ બોલો,

અંતરમાં આપશે આરામ, રામ રામ રામ બોલો !

## મણકો: ૧૨

## ક્ષમા વીરસ્ય ભૂષણમ્

જે ભક્ત હોય તેનામાં ક્ષમાનું લક્ષણ પણ હોય જ. જ્યારે તે ક્ષમાનો આચાર આચરે ત્યારે તેવા ભક્તને ક્ષમી પણ કહેવાય.

ભક્તમાં ક્ષમાનો ગુણ હોય જ. કોઈએ પોતાની સાથે કંઈ ખરાબ વર્તાવ કર્યો હોય ત્યારે તે પોતે એને વળતો જવાબ આપી શકે તેમ હોય તો પણ તે એમ નહિ કરે. મન મોટું રાખી એને ખમી લે અને તેને ક્ષમા આપશે. તે માને છે કે પરમાત્માએ પોતાને જે શક્તિ આપી છે તે કાંઈ બદલો લેવાના ક્ષુદ્ર કામ માટે વાપરવાની નથી.

ખરાબ વર્તન કરનાર અજ્ઞાની છે તેથી તેણે એમ કર્યું, હું પણ તેના જેવો થઈ સામો જવાબ આપું તો હું પણ અજ્ઞાની ઠરું, પછી અમારા બે વચ્ચે ભેદ શો રહ્યો ? આમ વિચારી તે શાંતિથી, ઉદારતાથી, દિલની મોટાઈથી એને સહી લેશે.

બીજા અર્થમાં એક માયકાંગલો માણસ ભીમ જેવા પહેલવાનને કશાક માટે ક્ષમા કરે તેની કશી કિંમત નથી, કેમ કે તે ધારે તો પણ બદલો લઈ શકે તેમ નથી, અને ક્ષમા કર્યા સિવાય છૂટકો જ નથી, બીજું કરી પણ શું શકે ? પણ એવો પહેલવાન માયકાંગલા માણસના બૂરા વ્યવહાર માટે મોટું મન રાખી ક્ષમા કરે ત્યારે તે સાચી ક્ષમા બને છે. એમાં ક્ષમા કરનારની લાચારી નથી, મોટાઈ છે. માયકાંગલાની ક્ષમામાં મોટાઈ નથી. લાચારી છે.

આથી જ કહ્યું છે કે 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' વીરની ક્ષમા તેની શોભા વધારે છે. કાયર કોઈને ક્ષમા કરી એમ કહેતો હોય તે હાંસીને પાત્ર બને છે. ક્ષમામાં સામર્થ્ય છે જ પણ આડંબર રહિતનું છે. વિશિષ્ટ પ્રકારની શકિત છે. પ્રચંડ ઠંડી તાકાત છે.

ક્ષમાનો અકે અર્થ માફ કરવું, દરગુજર કરવું એવો થાય છે, પણ ક્ષમાનો મૂળ અર્થ તો છે ક્ષમતા. ક્ષમતા એટલે સામર્થ્ય-શકિત. જેનામાં શકિત છે તે ઘા ખમી શકે છે. તે માને છે કે ભગવાન નિરંતર પોતાની સાથે છે અને તેથી એવી શ્રદ્ધા ભકતમાં ભગવાનનું સામર્થ્ય પ્રગટાવે છે. એ સામર્થ્ય પર ગમે તેવા ઘા પાડે તો પણ એ વિચલિત નહિ થાય. આ શકિત છાપરે ચડીને પોતાની મહત્તા પણ પ્રગટ કરતી નથી.

**ક્ષમા એ મોક્ષનો ભવ્ય દરવાજો છે.**

---

હરિ ૐ.... પૂર્ણ એ છે, પૂર્ણ આ છે,
પૂર્ણથી તો પૂર્ણ ઉગ્યું છે બધું.
પૂર્ણમાંથી પૂર્ણ આપી દો ભલે,
શેષ પાછળ પૂર્ણ રહેવાનું સદા.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ !!!

•

## મણકો : ૧૩

# સુખ-દુઃખ

## (ભગવાનની પ્રસાદી)

પ્રભુપંથે વિચરનારા ભકતના ભાવ સુખ-દુઃખમાં સમાન રહે છે. તે તો માને છે કે સુખ કે દુઃખ મેં માગ્યું નથી કે મેં સર્જ્યું નથી, આપનારે આપ્યું છે. એ ધારે તો હંમેશા સુખ આપી શકે છે પણ એમાં મારું કલ્યાણ તેને લાગ્યું નહિ હોય તેથી વારાફરતી સુખ-દુઃખ આપતો રહે છે. ભલે આપતો રહે - ભકતને મન તો એ બંને પરમાત્માએ આપેલી પ્રેમપૂર્વકની પ્રસાદી છે અને પ્રસાદીનો સ્વીકાર તો હંમેશા માથે ચડાવીને જ કરવાનો હોય એમ ભકત દૃઢપણે માને છે અને તેથી તે સુખ-દુઃખમાં સમભાવ રાખી શકે છે.

આવા દૃઢ મનવાળા ભકતને સિનેમાના પડદા સાથે સરખાવી શકાય. સિનેમાના પડદા પર અનેક જાતનાં દૃશ્યો આવતાં રહે છે. મિલનનાં, વિયોગનાં, હર્ષનાં, શોકનાં, ભયનાં, ક્રોધનાં, વેરનાં, આગનાં, વરસાદ-રેલનાં, વાવાઝોડાનાં વગેરે વગેરે. પણ એથી પડદો જરાય વિચલિત થતો નથી. જેટલી શાંતિથી એ સુખનાં દૃશ્યો ઝીલે છે એટલી જ શાંતિથી એ દુઃખનાં દૃશ્યો પણ ઝીલે છે. પણ પોતે તો એવો ને એવો જ. ઘડીક સુખનું દૃશ્ય તો ઘડીક દુઃખનું દૃશ્ય આવે છે અને આવીને ચાલ્યું જાય છે અને વળી પડદો તો હતો તેવો ને તેવો જ. નિર્લેપ, કોરોધાકોર !! એને કાંઈ ચોટતું નથી, કાંઈ વળગતું જ નથી. આગ એને બાળતી નથી, વર્ષા એને ભીંજવતી નથી, પવનનું તોફાન એને

હલાવતું નથી.

ભક્ત પણ પોતાની જાતને આવા પડદાની સ્થિતિમાં સમજે છે. કેબિનમાં બેઠેલો ઓપરેટર જે કાંઈ દૃશ્ય ફેંકે એ પડદો પૂરી શાંતિથી ઝીલતો રહે છે. એનું કામ હર્ષ કે શોક અનુભવવાનું નથી. માત્ર ઓપરેટરના કામમાં સાધનરૂપ બનવાનું છે. આમ ભક્તની નજરે તો સુખ અને દુઃખ બંનેમાં ભગવાનના પ્રબળ સ્પર્શનો જ અનુભવ થાય છે.

જેથી નરસિંહ મહેતા જેવા તત્ત્વદર્શી ભક્તે ગાયું છે કે :

સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં,
ટાળ્યા તે કોઈના નવ ટળે, રઘુનાથના જડિયાં....સુખ દુઃખ

---

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

●

## મણકો : ૧૪

# સૃષ્ટિને ભજવી કે ભોગવવી ?

સૃષ્ટિ તો મંગળ સ્વરૂપ ભગવાનનું સર્જન છે. મંગળમાંથી મંગળ જ પેદા થાય. મંગળમાંથી અમંગળ ન પેદા થાય ! ભગવાન મંગળ છે તેથી સૃષ્ટિ પણ મંગળ જ હોય. એટલે જેટલા પૂજ્ય ભગવાન એટલી જ પૂજ્ય સૃષ્ટિ ! એટલે ભગવાન માટે જેટલો આદર તેટલો જ આદર સૃષ્ટિ કે સૃષ્ટિના પદાર્થો માટે હોઈ શકે.

માટે સૃષ્ટિ કે સૃષ્ટિના પદાર્થો ભોગની નહિ પણ ભક્તિની ચીજ છે. એમ સમજવું. સૃષ્ટિના પદાર્થોને ઈન્દ્રિયોના વિષયો બનાવી તેના તરફ ભોગ દૃષ્ટિથી જોવું એમાં દૃષ્ટિની વિકૃતિ છે. સૃષ્ટિમાં જડ, ચેતન, પ્રકાશ, પાણી, હવાથી માંડીને અનેક પદાર્થોનો સંચય થયેલો છે. એ બધાં તરફ ભોગની નજરે નહિ પણ ભક્તિની નજરે જોવાનું છે.

---

એક સુંદર સ્ત્રી છે એમ જોવું એમાં પાપ નથી પણ સુંદર છે તેથી મારે ભોગવવા યોગ્ય છે એમ સમજવું એમાં પાપ છે. જંગલમાં મુક્ત રીતે કૂદતા હરણની ટીપકી ટીપકીવાળી ચામડી છે તેને જોઈને આનંદ પામવો એ સૃષ્ટિ-ભક્તિ છે, પણ એ હરણને મારીને તેની ચામડીમાંથી મારે માટે કોઈ વસ્તુ બનાવવી છે એવી વૃત્તિ એ સૃષ્ટિનો ભોગ છે. સૃષ્ટિના પદાર્થમાત્રનો ભોગનો વિષય નહિ પણ ભક્તિનો વિષય બની શકે.

આખી સૃષ્ટિ મારા ભોગ માટે જ પેદા થઈ છે અને તેથી હું તેનો ગમે તે રીતે ભોગ માટે ઉપયોગ કરી શકું એવી મેલી-દૂષિત નજર ન રાખવી જોઈએ. પણ માનવી આથી ઊલટું કરી

રહ્યો છે. સૃષ્ટિમાં પોતે કેન્દ્રમાં છે અને સંપૂર્ણ સૃષ્ટિ પોતાના ભોગ માટે છે એમ સમજીને તે ચારે બાજુ મહાનાશ અને અનર્થ સર્જી રહ્યો છે. મનુષ્યો, પ્રાણીઓ, પશુ-પક્ષીઓ, વનસ્પતિ તેમજ સૃષ્ટિના આવરણ સાથે જડાયેલી ધાતુઓ, વાયુઓ.... વગેરે વગેરે. દરેકને પોતાના ભોગનો પદાર્થ માની વર્તે છે. પરિણામે સૃષ્ટિની સમતુલા ડગમગવા લાગી છે અને સૃષ્ટિ ઉપર અનેક વિવિધ ઉપદ્રવોનો કોપ ફૂટી નીકળ્યો છે. આમ સૃષ્ટિ સાથેનો સંવાદ (સુમેળ) તૂટી આજે વિસંવાદ થતા પર્યાવરણની પણ અનેક સમસ્યાઓ સર્જાય રહી છે.

માટે હે માનવ ! તું સૃષ્ટિનો - સૃષ્ટિના પદાર્થોનો ભક્ત બન: ભોક્તા નહિ. સેવક બન - સ્વામી નહિ, સૃષ્ટિ અને હું એક બીજાનું રક્ષણ કરીએ પ્રેમ કરીએ, એવો જીવનમંત્ર બનાવ !!

---

ક્ષમુ હું સર્વ જીવોને, સર્વ જીવો ક્ષમો મને
મિત્ર હું જીવોનો, વૈર કોઈથી ના મને.

●

## મણકો : ૧૫

## ભક્તિની શક્તિ

### (કબીર)

સંત કબીરસાહેબે ગાયું છે કે 'જગ મેં જૂઠા નાતા રૈ' મૃત્યુ પછી બારમા-તેરમાની વિધિ કરીને સગાં વહાલાંઓ સંબંધને પૂરો થયેલો ગણે છે, પરંતુ ભકત જો ભગવાન સાથે નાતો જોડે તો 'પીછે પીછે હરિ ફિરત હૈ, આગે આગે કબીર'. પ્રભુને પોતાના કરી લેનાર ભકતનો અતૂટ નાતો ભગવાનની સાથે જોડાઈ જાય છે. બ્રહ્મ સાથે જોડાઈ જાય છે કે તેવા ભકતજનની પાછળ ફરતા રહીને ભગવાન સદાય પોતાનું સાન્નિધ્ય ભકતને આપતા રહે છે.

પોતાની જાતના અવગુણો અને અહંકારમાં રાચતો માનવી પોતાની જાતે જ પોતાની અને ભગવાનની વચ્ચે દીવાલ ઊભી કરે છે. જેઓના મન દુન્યવી વ્યવહારનાં ઘોંઘાટમાં ડૂબેલાં છે તેઓને ઈશ્વરી અવાજ કે અલ્લા કે ઓલિયાનો આદેશ સંભળાતો નથી. અંતરમાં ભરાઈ બેઠેલા તમામ ખોટા વિચારો વાળીઝૂડીને સાફ કરી નાંખો. શંકાશીલ મનને સ્વસ્થ કરો. આનંદ અને પ્રસન્નતાથી મનને ભરી દો. કાનથી બૂરું ન સાંભળો કે જીભથી બૂરું ન બોલો.

કબીર કહે છે કે હે જીવ, જયારે તું માતાના ગર્ભમાં હતો ત્યારે તેં ભગવાનને કહ્યું હતું કે મને આ દુઃખમાંથી બહાર કાઢો, બહાર આવતા હે પ્રભુ, હું તમારું ભજન કરીશ. પરંતુ બહાર આવતા તું એ ભૂલી ગયો અને બાળપણ રમતમાં તેમજ જુવાની

ગુમાનમાં ખોઈ નાંખી, હવે બુઢાપામાં શરીર ધ્રૂજવા લાગ્યું. જયારે શરીરમાં ભજન કરવાની શકિત હતી ત્યારે કાંઈ ન કર્યું. હવે શું થશે ? તો કહે છે કે યમરાજાના હાથથી તારી કાયાનું વેચાણ(મૃત્યુ) થશે.

માટે ભજન કર - ભજન કર, નિશ દિન તૂટે ન તાર.

શ્રદ્ધા ભરેલા એવા શાંત મનથી કરાતી ભકિત જ અપૂર્વ શકિત આપશે.

---

રઘુપતિ રાઘવ રાજા રામ,
પતિતપાવન સીતારામ,
પતિતપાવન સીતારામ,
પતિતપાવન સીતારામ,
રઘુપતિ રાઘવ રાજારામ,
પતિતપાવન સીતારામ,
ઈશ્વર અલ્લા તેરે નામ,
સબકો સન્મતિ દે ભગવાન,
રાતે નિદ્રા, દિવસે કામ,
કયારે ભજશું સીતારામ... રઘુપતિ .

●

## મણકો : ૧૬

# ભક્તિ ધારા

(બુદ્ધ)

ભક્તિના ક્ષેત્રમાં એક જ પ્રયત્ને કે એક જ બેઠકે વિકાસ થઈ શકશે એવું માની શકાય નહિ. નદીના પ્રવાહની જેમ તેની ધારા ચાલુ રહેવી જોઈએ.

જેમ કે એક મોટા પથ્થરને તોડવા એક માણસ ઘણથી તેના પર ઘા કરી રહ્યો છે. પથ્થર પર પચ્ચીસ - પચાસ ઘા કર્યા પણ પથ્થર તૂટયો નહિ. પથ્થર એટલો મજબૂત છે કે તેને તોડતા કદાચ ઘણ નહિ તૂટી જાય ? પણ તોડનારો અટકયો નહિ, અને દાંત પીસીને ઘા પર ઘા કરતો જ ગયો. સો ઉપર ઘા કર્યા ઘણ મારનારો તો જાણે સમાધિમાં ડૂબી ગયો હોય તેમ ઘા ઉપર ઘા કર્યે જ જાય છે. પછી શ્વાસ લઈને દાંત પીસીને ઘા કરવાનું ચાલુ જ રાખ્યું એકસો પાંચ ઘા કર્યા, એકસો છ, એકસો સાત ઘા કર્યા અને એકસો આઠમો ઘા કર્યો. વાહ, એકસો આઠમા ઘાએ પથ્થરના બે ટુકડા થઈ ગયા.

તો શું પથ્થર એકસો આઠમા ઘાથી તૂટયો ? તો શું એક થી એકસો સાત ઘા સુધી વાપરેલી શક્તિ સાવ વ્યર્થ ગઈ ? હરગિજ નહિ. તેના તૂટવાની ક્રિયા તો પ્રથમ ઘા થી જ શરૂ થઈ ગઈ હતી. પથ્થર પર પહેલો ઘા પડયો તેણે પથ્થરને થોડોક તો તોડયો હતો જ. પણ પથ્થરનું એટલું તૂટવું જોનારની આંખ પકડી શકે એવું ન હતું. તે પછીના પણ દરેક ઘાએ પથ્થર તૂટતો જ રહ્યો. તૂટતો જ રહ્યો. એ દરેક ઘા પથ્થરને પોલો કરતા રહ્યા પણ હજી

આંખ તે પકડી શકે તેવી સ્થિતિ ન હતી. એકસો સાત ઘા સુધી પથ્થર અંદરથી સંપૂર્ણ બોદો થઈ ગયો હતો અને જ્યારે ૧૦૮મો ઘા પડયો અને પથ્થરના બે ટુકડા થઈ ગયા. સ્થૂળ આંખ હવે જોઈ શકી કે પથ્થર તૂટવાની ક્રિયા થઈ. તેમાં આગળના ૧૦૭ ઘાનો પણ મહત્ત્વનો ફાળો હતો જ. એ ભૂલવું ન જોઈએ.

ભગવાન બુદ્ધ અમુક ક્ષણે બુદ્ધ બન્યા, એમ ભલે આપણે કહીએ પણ બુદ્ધ બનવાના માર્ગે તેમની યાત્રા તો વરસો પહેલાં શરૂ થઈ હતી અને વર્ષો સુધી સતત ચાલતી રહી. એ યાત્રાનું અંતિમ પગલું એ જ આપણી દૃષ્ટિએ ગૌતમની બુદ્ધ બનવાની ક્ષણ માનીએ છીએ. હજારો-લખો એવી ક્ષણો સુધી ગૌતમ સતત બુદ્ધત્વની પગથી ઉપર ચાલતા રહ્યા. જ્યારે તેમણે સ્ત્રી-પુત્રને સૂતાં મૂકીને રાજપાટ છોડી ચાલી નીકળ્યા એ અંતિમ ક્ષણને જ આપણે યશ આપીએ એ આપણો ભ્રમ અને ભૂલ છે.

ભક્તિની ધારા પણ એ જ રીતે ક્ષણે ક્ષણે, ઉપરાઉપરી સતત ચાલતી રહે ત્યારે જ આત્મા પરમાત્માને પામી શકે !!

---

શ્વાસે શ્વાસે રામ, ઉચ્છ્વાસે હરિ,
નિત્ય સ્મરણ કરશે તે જશે રે તરી.

●

## મણકો : ૧૭

## નવધા ભક્તિ

## (રામાયણ)

નવધા ભક્તિ વિષે ભગવાન શ્રી રામ શબરીને સમજાવે છે કે જાતિ, પંક્તિ, કુળ, ધર્મ, મોટાઈ, બળ, કુટુંબ, ગુણ, ચતુરાઈ વગેરે હોવાં છતાં ભક્તિ વિનાનો મનુષ્ય શોભતો નથી, જેમ જળ વિનાના વાદળ જેવો તે દેખાય છે.

શબરીને ઉપદેશ આપતાં શ્રી રામ સમજાવે છે :

(૧) પહેલી ભક્તિ - તે સંતોનો સંગ

(૨) બીજી ભક્તિ - તે ભગવદ્કથામાં પ્રેમ

(૩) ત્રીજી ભક્તિ - તે અભિમાન રહિત થઈ ગુરુચરણ સેવવા.

(૪) ચોથી ભક્તિ - તે સંતપુરુષને મારા કરતાં પણ અધિક માનવા.

(૫) પાંચમી ભક્તિ - તે કપટ છોડીને મારા ગુણ સમૂહોનું ગાન કરવું

(૬) છઠ્ઠી ભક્તિ - તે મંત્રનો જાપ અને મારામાં દૃઢ વિશ્વાસ રાખવો.

(૭) સાતમી ભક્તિ - તે ઈન્દ્રિયોને દૃઢ કરવી.

(૮) આઠમી ભક્તિ - તે જગતને મારામય જોવું.

(૯) નવમી ભક્તિ - તે જે કાંઈ મળે તેમાં સંતોષ માનવો. સ્વપ્નમાં પણ પારકાના દોષો ન જોવા. દરેક સાથે સરળતાથી વર્તવું. કોઈ પણ અવસ્થામાં હર્ષ કે શોક ન કરવો. સુખ-દુઃખ

સમાન માનવા.

દુઃખ આવી પડતાં સૌ કોઈ ભગવાનનું સ્મરણ કરે છે પરંતુ સુખમાં કોઈ સ્મરણ કરતું નથી. જો સુખમાં ભગવાનનું નામ સ્મરણ કરે તો દુઃખ જન્મતું જ નથી.

દુઃખ તે તો નહિ દુઃખ, સુખ તે ય નહિ સુખ;
ભૂલીએ પ્રભુને એ જ દુઃખ, સ્મરીએ રામ એ જ સુખ.

બદલાની આશાથી ભક્તિ ન કરો. દુન્વયી સુખની પ્રાપ્તિ અર્થે કરાતી ભક્તિ કર્મના નિયમની વિરુદ્ધની છે. દરેકને પૂર્વજન્મના કે આ જન્મના કર્મ અનુસાર સુખ-દુઃખ પ્રાપ્ત થતાં હોય છે.

હનુમાન જેવી દાસ્ય અને નિષ્કામ ભક્તિ કરો.

શબરી એ શ્રદ્ધા ભક્તિનું પ્રતીક છે.

''રામ કાજ વિના મુજે ચૈન કહાં ?'' સારી યે ઉમર વીતાવી દેતી શબરી મૃત્યુપર્યંત ''હરિ મિલન કી આશ'' માં જીવે છે અને શબરીનો ભક્તિભાવ રામને શબરીની ઝૂંપડીએ ખેંચી લાવે છે અને હરિ દર્શનની પ્યાસ પૂરી થતાં શબરી મુક્તિ પામે છે.

---

ૐ હરિ ઓમ, ૐ હરિ ઓમ
ૐ હરિ ઓમ, ૐ હરિ ઓમ

•

## મણકો : ૧૮

### નવધા ભક્તિ

શ્રીમદ્ ભાગવતમાં ભક્તિના નવ પ્રકાર દર્શાવ્યા છે.

(૧) શ્રવણ (૨) કીર્તન (૩) સ્મરણ (૪) પાદ સેવન (૫) અર્ચન (૬) વંદના (૭) દાસ્ય (૮) સખ્ય (૯) આત્મનિવેદન.

ઉપરના નવ પ્રકારમાં ભક્ત કવિ દયારામે દસમા પ્રકાર તરીકે પ્રેમલક્ષણા ભક્તિનો ઉમેરો કર્યો. ભગવાનના વિસ્મરણમાં પરમ વિરહનું દુઃખ એટલે ભક્તિ. વ્રજ વનિતા ગોપીઓમાં શ્રીકૃષ્ણ ભગવાનના ચરણમાં સર્વે કર્મોનો સંન્યાસ અને તેમના વિસ્મરણે પરમ વ્યાકુળતા હતી.

૧. શ્રવણ ભક્તિ પરીક્ષિતે કરી ૨. કીર્તન ભક્ત શુકે કરી

૩. સ્મરણ ભક્તિ પ્રહ્લાદે કરી ૪. પાદસેવન ભક્તિ લક્ષ્મીજીએ કરી ૫. અર્ચન ભક્તિ પૃથુએ કરી ૬. વંદન ભક્તિ અક્રૂરે કરી.

૭. દાસત્વ ભક્તિ હનુમાને કરી ૮. સખ્ય ભક્તિ અર્જુને કરી.

૯. આત્મનિવેદન ભક્તિ બલિરાજાએ કરી.

અને પ્રેમલક્ષણા ભક્તિ વ્રજવનિતા ગોપીઓએ કરી.

ભક્તિ તો ફૂલરૂપ છે : કર્મ વગેરે બીજરૂપ છે.

બીજમાં વૃક્ષ તું : વૃક્ષમાં બીજ તું.

કર્મો યથાવિધિ કરવામાં આવે તો તેવાં કર્મો યથા કાળે જ્ઞાનને જન્માવે છે અને જ્ઞાન પોતાના ક્રમે વૃત્તિના નિરોધરૂપ

યોગને સંપન્ન કરી દે છે, અને યોગ યથાર્થ જ્ઞાન ઉપજાવનારો થતો હોવાથી અને એ યથાર્થ જ્ઞાન પરમાત્મા ઉપર પરમ પ્રેમ માટે લક્ષણા ભક્તિને જન્માવે છે. એટલે કે જ્ઞાન એ ભક્તિને પ્રસન્ન કરે છે.

આવી ભક્તિ પ્રાપ્ત કરવાનું અંતિમ ધ્યેય હોય છે. ભક્તિ એ અંતિમ ગતિ છે. કોઈ પણ જીવ માત્ર પોતાના બળે સંસાર સાગર તરી જવાને યોગ્ય નથી. ભક્તિનો પાલવ પકડીને સરળતાથી જીવન નૌકાને મુક્તિ માર્ગે પહોંચાડી શકાય.

ભક્તિ માર્ગની કોઈ એક જ કેડી નથી. જુદા જુદા સાધકોએ જુદી જુદી કેડી ગ્રાહ્ય કરીને સિદ્ધિ પ્રાપ્ત કર્યાની ધર્મશાસ્ત્રોમાં નોંધ છે.

---

હરિ ૐ તત્ સત્, સરિ ૐ તત્ સત્

હરિ ૐ તત્ સત્, સરિ ૐ તત્ સત્

•

## મણકો : ૧૯

# શરણાગત ભક્તિ

## (રામકૃષ્ણ)

ભગવાન સાથે સંબંધ બાંધવા માટે ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે. એ માર્ગમાં મુખ્ય સાધન શરણાગતિ છે. ભક્તિમાર્ગમાં જ્ઞાનમાર્ગ કરતા વધારે સુખ છે, પણ વધારે જોખમ પણ છે. દીનતા અને શરણભાવ ભગવાન તરફ જ રહેવાને બદલે જો વિષયો તરફ વહે તો ઘણા પડી જાય. (શ્રી રામકૃષ્ણ પરમહંસે પોતાની પત્નીને પણ મા (શક્તિ સ્વરૂપા) માનીને આખી જિંદગી સાથે ગાળી. એ બહુ ઊંચી કોટીની ભક્તિ છે અને તેનું ફળ પણ તેવું દિવ્ય જ હોય છે.

શરણાગત ભાવના પ્રકાર :

(૧) ભક્તિને અનુકૂળ સંકલ્પ કરવા.
(૨) પ્રતિકૂળ સંકલ્પનો ત્યાગ કરવો.
(૩) ભગવાન આપણું રક્ષણ કરે છે-કરશે તેવો અટલ વિશ્વાસ રાખવો.
(૪) માત્ર ભગવાનનો જ સ્વીકાર કરવો. બીજા કોઈનો નહિ.
(૫) ભગવાનની સાથે સંગ કરતા રહી ભગવદ્‌મય બની જવું.
(૬) ભગવાન તરફ દીનતા રાખવી.

આપણું જે છે તે ભગવાનનું છે એમ જ્યાં સુધી નહિ માનો ત્યાં સુધી જે ભગવાનનું છે તે આપણું થશે નહિ.

કોઈના ઉપર પ્રેમ કરવો એ સહેલું છે, પરંતુ કોઈનો પ્રેમ

મેળવવો એમાં વધારે સુખ છે. પણ તે ઘણું અઘરું કામ છે. તેમાં પણ પ્રભુનો પ્રેમ મેળવવો એમાં અતિ અને શાશ્વત સુખ છે પણ એ વધારે અઘરું કામ છે. ભવાનને શરણાગત થઈ, સમર્પિત થઈ બસ તેના પ્રેમમાં નિરંતર તલ્લીન થઈ જાય, તેના શરીરના પરમાણુ અણુએ અણુ આનંદમય બની જાય. શરણભાવથી જ ભગવાનનો પ્રેમ પ્રાપ્ત થાય અને તે પછી જ શરણાગતને ભગવાન પ્રેમ કરીને ઈશ્વરીય સુખ આપે.

શરણાગત એવો હોય કે ભગવાનનું નામ સાંભળતા જ તેનું ચિત્ત દ્રવીભૂત થઈ જાય અને તેનો સમગ્ર સંસાર ભક્તિસાગર રચાય જાય, જેમ ગંગાના નીર સાગરમાં ભળી જતા ગંગા સાગર રચાય છે.

---

ૐ પરમેશ્વર, ૐ યોગેશ્વર

ૐ પરમેશ્વર, ૐ યોગેશ્વર

•

## મણકો : ૨૦
## શ્રદ્ધા ભક્તિ
### (વૈદ્યો નારાયણો હરિ)

જે વૈદ્ય કે ડોકટરોને આધ્યાત્મિક શક્તિમાં વિશ્વાસ છે તેવા વૈદોએ કે ડોકટરોએ ભક્તિભાવ અને શ્રદ્ધા શક્તિ દ્વારા અનેક અસાધ્ય દર્દો મટાડવામાં સફળતા પ્રાપ્ત કરી છે. 'વૈદ્યો નારયણો હરિ.' દર્દને મટાડનારો મોટો વૈદ્ય નારાયણ હરિ છે. તેના એજન્ટ બનીને તેના ઉપર શ્રદ્ધા રાખીને ભક્તિભાવવાળા આધ્યાત્મિક વૈદ્યો-ડોકટરો દર્દીના આધિ-વ્યાધિ મટાડી શકયાના દાખલા સંસારમાં મોજુદ છે.

ડોકટર જહોનની દર્દીઓને સાજા કરવાની રીત અનોખી હતી. તેઓ એકે એક દર્દીની વાતો પૂરા ધ્યાનથી સાંભળતા અને પછી પોતાની અંદર એકાગ્ર થઈ જતા. એ પછી જ તે દર્દીને દવા આપતા, અને દવા પણ પ્રભુને ધરાવીને પછી જ આપતા. 'ઓ પ્રભુ, આ દવા મારા દ્વારા તું જ આપે છે, અને એ કોઈ દવા નથી પણ તારી દિવ્ય કરુણા જ છે અને એના પાનથી દર્દીના તનના અને મનના પણ રોગો નાબૂદ થાઓ.' આમ ભૌતિક દવાની સાથે સાથે અંતરની પ્રાર્થના અને શ્રદ્ધાનું મિક્ષ્ચર કરીને આપતા. ડો. જહોનની આ રીત અનોખી હતી. દર્દીને દવા સાથે ભગવાનની દુવા પણ આપતા.

મીલી નામની એક છોકરીની બિમારી અસાધ્ય બની ગઈ. તેને સાજી કરવા અનેક ઉપચાર ડો. જહોને કર્યા પરંતુ બિમારી મટવાને બદલે વધવા લાગી. કોઈ દવા કે ઉપચાર અસરકારક

ન નીવડયાં અને હવે બિમાર મીલી બેભાન બની ગઈ અને બચવાની કોઈ આશા ન હતી. ત્યારે છેલ્લા ઉપચાર તરીકે ડોકટરે અડધી રાતે ચર્ચના ફાધર પીન્ટોને બોલાવી બંને જણે પ્રાર્થના કરી. ફાધર તો કંઈ ડોકટર ન હતા અને મીલી તો બેભાન હતી પણ પ્રાર્થના પછી ફાધરે મીલીની ચેતનામાં જે ફેરફાર અનુભવ્યો તે જોયા પછી તેમણે ડો. જહોનને કહ્યું કે 'આ અનુભવે તો મને એક નવી દૃષ્ટિ આપી છે. કામ કરવાની અને પ્રભુની હાજરી અનુભવવાની એક નવી જ પદ્ધતિ આજે મેં અનુભવી છે. પ્રભુની ચેતનાની હાજરી વખતે તમે મને ભાગીદાર બનાવ્યો અને એક સનાતન સત્યનો અનુભવ કરાવ્યો જેથી તમારો ઉપકાર કયારેય ભૂલીશ નહિ.' એમ કહીને ફાધરે વિદાય લીધી પણ એમના અંતરમાં ડો. જહોનના શબ્દો ગૂંજી રહ્યા હતા :

'હું સારવાર કરું છું, દવા આપું પણ ઘા રૂઝવનાર તો એ જ છે. એ જ મહાન છે. હું તો માત્ર એનો એજન્ટ છું.'

---

મૂંગો તો બોલવા લાગે, લૂલો પહાડે ચઢે વળી
જેની કૃપા વડે, વંદુ-એવા શ્રી ભગવાનને.

●

## મણકો : ૨૧

## ભકિત થકી શકિત

## (પાંડુરંગ)

ભકિત એટલે શકિતની માગણી, શકિતની માગણી એટલે ભકિત. યોગ્યતા હોય તે જ ભકિત કરી શકે છે. સંન્યાસી આધ્યાત્મિક કામના માટે આધ્યાત્મિક શકિત માગે, સંસારી સાંસારિક કામના માટે સાંસારિક શકિત માગે. શકિત વાપર્યા વગર ભકિતની શરૂઆત થતી નથી. જેટલી શકિત વાપરો એટલી શકિત ભગવાન આપે છે.

ઘણા પ્રારબ્ધવાદીઓ કહે છે કે 'નકામી દોડાદોડી શા માટે કરવી. પ્રારબ્ધમાં હશે તે થશે. ભગવાન બધાનો છે' આવો પ્રારબ્ધવાદી વરસો સુધી આશા રાખીને બેસી રહે તેથી ભગવાન ભલુ કરતો નથી. ભગવાનને ભૂલવા ન જોઈએ. જેવી રીતે ભગવાનને ભૂલનાર અહંકારી છે તેવી રીતે માત્ર ભગવાનને યાદ કરનાર પણ પોતાની પાસે રહેલી શકિત ન વાપરનાર પણ અહંકારી જ ગણાય. ભગવાને આપેલી શકિત વાપરતા રહેવું અને ભગવાનને યાદ કરતા રહેવું.

જેમને કાંઈ કરવું નથી તેઓ આળસના બચાવમાં કહે કે અમે કર્મ સમજતા નથી, જ્ઞાન સમજતા નથી. અમે તો રામનામની માળા ફેરવીએ છીએ. પણ ગીતા કહે છે કે શકિત વાપર્યા વગર વિકાસ શકય જ નથી. ફકત માળા ફેરવવાથી ભકિત પૂરી થતી નથી. કબીરસાહેબ પણ કહે છે કે 'માળા બનાઈ કાષ્ઠકી, ઉસમેં ડાલા સૂત - માલા બિચારી કયા કરે, જપને વાલા કપૂત' દિવસના કામ દરમિયાન 'હાથમાં કામ, મુખમાં રામ' ઈષ્ટદેવનું નામ રટતા

રહીને કામ કરતા રહો.

ફકત નામ સ્મરણથી ભકિત પૂરી થતી નથી, તે પાંગળી ભકિત છે. નામ સ્મરણની સાથે સાથે હાથથી ભગવદ્ કાર્યો પણ થતાં રહેવાં જોઈએ. નામ જાપ એ કેવળ માગણોની ભાષા છે. નામ સ્મરણ સાથે પ્રભુ પ્રીત્યર્થે કાર્યો પણ થતાં રહેવાં જોઈએ. કામ સાથે રામ - રામ સાથે કામ.

---

ૐ મંગલમ્, ૐકાર મંગલમ્ ।
ગુરુ મંગલમ્, ગુરુપાદ મંગલમ્ ।।

•

ૐ પરમાત્મા, ૐ પરમાત્મા,
ૐ પરમાત્મા, ૐ પરમાત્મા,

•

## મણકો : ૨૨

## ભજન કીર્તન

ભજન એટલે ભજવું અને કીર્તન એટલે ગુણગાન ગાવાં. કોને ભજવું કોના ગુણગાન ગાવાં ? તો કહે છે કે 'ખેતી હરિ નામ કી મનવા' હરિના નામના ભજન કરો, હરિના ગુણગાન ગાઓ.

સ્મરણ શબ્દ કે નાદ દ્વારા, ભજન - કીર્તન દ્વારા યા એકલા કે સમૂહમાં એકઠા થઈને, પોતપોતાના ઈષ્ટદેવનું સ્મરણ, ભજન, કીર્તન કરવું. પ્રભુના ગુણગાન ગાવાં, પ્રભુની પ્રભુતાને ગીતોમાં વણી લઈને તેવાં ગીતો ગાવાં અને ગાતાં ગાતાં પોતાના અંતરમાં જ અંતરયામીને અનુભવવા માટે ભજન કીર્તન, સ્મરણ હોય છે.

દરેક ધર્મના સ્થાનોમાં નિયત સમયે ભગવાનના ભજન-કીર્તન દ્વારા ઈશ્વર સ્મરણ કરાય છે. જયારે ભકત પોતાના ઘર આંગણે કે ગમે તે સ્થળે, ગમે તે સમયે ભજનમાં તલ્લીન બનીને પોતાના અંતરનો એકતારો બજાવતા રહીને સ્થળ, સમય અને સંસારની બધી માયાજાળને વિસારે પાડીને ભજન ગાતાં ગાતાં લીન બની જાય અને ભજનના આનંદમાં દેહભાન પણ ભૂલી જાય છે.

નરસિંહ મહેતા, મીરાબાઈ કે કબીર જેવા અનેક ભકત-સંતો આજે પણ લોકહ્દયમાં જીવીત છે. ભકિતની મસ્તીમાંથી એવા સંતોના કંઠ દ્વારા જે જ્ઞાન પ્રગટ થયું છે તે ગાન કે ભકિતગીતો દ્વારા આજે પણ ભકતોને માર્ગદર્શન મળી રહ્યું છે.

પ્રભુનું ભજન કરવામાં એકલા મંત્રની ભાષાનું જ કામ નથી પણ ભાવનાનું મુખ્ય કામ છે. ભકતના મન, પ્રાણ અને શરીર

ત્રણેય ભગવાનમાં લાગી જાય ત્યારે ભગવાનનો અનુગ્રહ થાય.

કબીર કહે છે કે ભજન કર્યા વિના તારા બધા દિવસ વ્યર્થ થઈ રહ્યા છે. સંસારમાં બધા લડતા હોય તેને લડવા દો, પોતપોતાની રીતે દેવદેવીને પૂજતા હોય તેને કરવા દે પણ તું તો રામને સુમર, રામને જ સુમર, રામનું સ્મરણ કર. બાકી તો વેદ વિચારતા વિચારતા પંડિતો પણ ચાલ્યા ગયા. માટે તું તો એક પરમાત્માનું જ ભજન કર, ભજન કર.

પાણીના પરપોટા જેવી તારી કાયાને છોડીને પ્રાણ પલના પલકારામાં વિદાય લેશે. માટે હે જીવ, તું હરિનું ભજન કર, ભજન કર !

---

તૂ તો રામ સુમર;
જગ લડવા દે
કોરા કાગજ કાળી શાહી;
લિખત પઢત વા કો પઢવા દે... તૂ તો.
હાથી ચલત હૈ અપની ગતમેં;
કૂતર ભૂંકત વા કો ભૂંકવા દે...તૂ તો.
કહત કબીર સૂનો ભાઈ સાધો;
નરક પચત વા કો પચવા દે...તૂ તો.

●

## મણકો : ૨૩

## મુકિત

પોતાનામાં જે આત્મતત્ત્વ છે તેને પૂર્ણ સ્વરૂપ આપી પૂર્ણતાને એટલે કે પરમાત્માને પામવા માટેની ક્રિયા તે ભકિત, અધ્યાત્મ અથવા સાધના, અને તે સાધન થકી મુકિત પ્રાપ્ત થાય.

યૌગિક ક્રિયાના પ્રકારો પણ જુદા જુદા છે. કર્મયોગ, જ્ઞાનયોગ તેમજ હઠયોગ વગેરે. આવા યોગો દ્વારા પણ પરમાત્મ શકિત પ્રાપ્ત થાય અથવા તો પરમ તત્ત્વમાં પોતાના આત્મતત્ત્વને વિલીન કરી અવિચળ સ્થાન પામી શકાય. આવું સ્થાન પ્રાપ્ત કર્યા બાદ માયાના બંધનો તૂટે અને જન્મ-મરણના ફેરામાંથી જીવ છૂટે. મુકિત ઝંખતો જીવ એવી માન્યતા કે શ્રદ્ધા ધરાવે છે. જુદા જુદા યુગમાં કે કાળમાં કર્મયોગ કે જ્ઞાનયોગ તેમજ હઠયોગ મોક્ષ પ્રાપ્તિના સાધનો ગણતા આવ્યા છે. પરંતુ આ કળિયુગના કાળમાં ભગવાનનું નામ સ્મરણ એ જ ઉત્તમ યોગ છે એ જ કળિકાળમાં પરમતત્ત્વને પામવાનો ઉત્તમ ઉપાય છે.

ભકિતમાર્ગમાં ભાષાનું જ્ઞાન ન હોય, અભ્યાસની ડીગ્રીઓ ન હોય તો પણ ભકિતની સાધના કરી શકાય. આવી ભકિત સાધના કરનાર ભકતની શકિત કેવી અને કયા પ્રકારનું ફળ આપનાર હોય છે. તે તો તેવા ભકત જ નિજ પંડે પોતે અનુભવી શકે અને માણી શકે.

ભકિતની શકિત વિશે જયાં સુધી જાત અનુભવ ન થાય ત્યાં સુધી તેને અર્થહીન માનીને તેની આપણે અવગણના કરતા રહીએ છીએ. કારણ એ શકિતને સમજવા માટે માનવીની કલ્પના ટૂંકી પડે છે. પણ ખરેખર સાચા ભકતજનના પ્રત્યેક કાર્યમાં

ભગવાનની એ અદૃશ્ય શક્તિ કાર્યશીલ હોય છે. તેથી એક સાચા ભક્તની ભક્તિની શક્તિ તે ભગવાનની જ શક્તિ છે.

ભક્તિ એક પ્રકારની મુક્તિ જ છે. જ્યારે ભક્તિ મોક્ષની આશા છોડી દેશે ત્યારે જાણ્યે અજાણ્યે મોક્ષની તરફ તે પહોંચી જશે. ભક્તિની સાધનામાં ભક્ત એવો તન્મય બની જાય કે મોક્ષ સામેથી તેની પાસે પહોંચી જશે. મોક્ષ એ જ મુક્તિ.

---

ૐ શક્તિમાતા, ૐ શક્તિમાતા ।
ૐ શક્તિમાતા, ૐ શક્તિમાતા ॥

•

શ્રી કૃષ્ણ ગોવિંદ હરે મુરારી,
હે નાથ નારાયણ વાસુદેવાય.

•

## મણકો : ૨૪

## કર્પૂરગૌરમ્ કરુણાવતારમ્

જીવનની સાધનામાં ક્યારેક ક્રોધ પણ જરૂરી છે. તે સાધનાનો સહાયક બને છે. પણ એ ક્રોધ ઘરના નોકર જેવો હોવો જોઈએ. નોકરને કહીએ કે પાણી લાવ એટલે તે પાણીનો પ્યાલો લઈ આવે અને જતો રહેવાનું કહીએ તો જતો રહે. ક્રોધ ઉપર આવો કાબૂ આવે તો તે સાધનામાં સહાયક બને !

આપણા જીવનમાં જે ક્રોધ છે તે નોકરની જેમ નહિ પણ માલિકની જેમ વર્તે છે. ક્રોધ કહે પેલાને ગાળ દે એટલે આપણે ગાળોનો વરસાદ વરસાવવા લાગીએ. ક્રોધ કહે પેલાને ફટકાર એટલે આપણે ફટકારવા લાગીએ છીએ. આમ ક્રોધ માલિક થઈને આપણા માથે બેઠો હોય છે.

સંગીતની મહેફીલ હોય ત્યારે વાજિંત્રોને સૂરમાં લાવવા માટે બધા કલાકારો તાલ મેળવતા હોય છે. ત્યારે તબલચી તબલું ચડાવે છે. સંગીત કે ભજનનો પ્રોગ્રામ પૂરો ન થાય ત્યાં સુધી તેને ચડાવેલું રાખે છે અને જલસો પૂરો થાય એટલે તેને ઉતારી નાખે છે. જો તબલચી એને ઉતારી ન નાંખે તો એ તબલું ફાટી જાય છે. એમ આપણ મસ્તક રૂપી તબલાને જરૂર હોય ત્યાં સુધી ચડાવેલું રખાય.

પણ કરુણા એ છે કે સમાજમાં કેટલાંક તબલાં એવાં છે કે જે ચોવીસે કલાક ચડેલાં જ રહે છે ! પરિણામે તેમનું જીવન સંગીતહીન થઈ જાય છે. આવા જીવનમાં ઈશ્વર ક્યાંથી આવે?

રામકૃષ્ણ પરમહંસ કહે છે કે જેને ક્રોધ આવે તે ચૂપ થઈ જાય. થોડું મૌન વધારે પાળે. ક્રોધ ઉપર કાબૂ લાવવા માટે મૌન વધારે જરૂરી છે. ક્રોધ આવે ત્યારે દશ મિનિટ મૌન થઈ જઈએ તો અગિયારમી મિનિટે ક્રોધ જતો રહે ! પણ દશ મિનિટ રોકાવું એ મોટી સાધના માગી લે છે !

એક માણસ ભગવાન બુદ્ધને પુષ્કળ ગાળો બોલ્યો. બુદ્ધ બીલકુલ મૌન રહ્યા, શાંત રહ્યા. પેલો ગાળો દઈને થાકયો, પછી બુદ્ધે ધીમે રહીને તેને કહ્યું, તેં ભેટો આપવાની મારા ઉપર ઘણી કૃપા કરી, પણ થોડા વખતથી એવી ભેટો લેવાનું મેં બંધ કર્યું છે. અર્થાત્ તેં મને ઘણી ગાળો આપી પણ એ એકેય ગાળ હું સ્વીકારતો નથી. પેલો માણસ બુદ્ધના ચરણે પડી ગયો.

કામદેવે જયારે શિવજી ઉપર આક્રમણ કર્યું ત્યારે કામદેવને જોતાં જ શિવજીના નેત્રો એકદમ લાલ થઈ ગયાં અને શિવજીનું ત્રીજું નેત્ર ખુલ્યું એટલે કામદેવ બળીને ભસ્મ થઈ ગયો. શિવજીની સાધનામાં કામદેવ ભંગ કરવા આવ્યો હતો તેથી શિવજી ક્રોધાયમાન થઈ ગયા. શિવજી ક્રોધ કરે છે પણ યોગ્ય સમયે કરે છે. પુરાણોમાં વર્ણન છે કે શિવજી જયારે ક્રોધ કરે છે અને કોપાયમાન થાય છે ત્યારે આખું બ્રહ્માંડ કાંપવા માંડે છે, છતાં શિવજીને ક્રોધાવતાર નથી કહ્યા. તે તો કરુણાનો અવતાર ગણાય છે ! શિવજી ભોલે શંકર પણ કહેવાય છે !!

: કર્પૂર ગૌરમ્ - કરુણાવતારમ્ !

## વૈષ્ણવજન

વૈષ્ણવજન તો તેને કહીએ,
જે પીડ પરાઈ જાણે રે;
પર દુઃખે ઉપકાર કરે તોયે,
મન અભિમાન ન આણે રે....વૈષ્ણવ.
સકળ લોકમાં સહુને વંદે,
નિંદા ન કરે કેની રે;
વાચ, કાછ, મન નિશ્ચળ રાખે,
ધન ધન જનની તેની રે....વૈષ્ણવ.
સમદૃષ્ટિને તૃષ્ણા ત્યાગી,
પર સ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે,
પર ધન નવ ઝાલે હાથ રે....વૈષ્ણવ.
મોહ માયા વ્યાપે નહિ જેને,
દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળી રે લાગી,
સકળ તીરથ તેના તનમાં રે....વૈષ્ણવ.
વણલોભી ને કપટ રહિત છે,
કામ ક્રોધ નિવાર્યાં રે;
ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં,
કુળ એકોતેર તાર્યાં રે....વૈષ્ણવ.

# અજંલિ

હે નાથ જોડી હાથ, પાયે પ્રેમથી અમ માંગીએ
શરણું મળે સાચું તમારું, એ હૃદયથી યાચીએ
જે જીવ આવ્યો આપ પાસે, ચરણમાં અપનાવજો
પરમાત્મા એ આત્માને, શાંતિ સાચી આપજો....૧

વળી કર્મના યોગે કરી, જે કુળમાં એ અવતરે
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી, આપની ભક્તિ કરે
લખચોરાશીના બંધનોને, લક્ષમાં લઈ કાપજો
પરમાત્માએ આત્માને, શાંતિ સાચી આપજો....૨

સુસંપતિ સુવિચાર ને, સત્કર્મનો દઈ વારસો
જનમોજનમ સત્સંગથી, કિરતાર પાર ઉતારજો
આલોક ને પરલોકમાં, તવ પ્રેમ રગ રગ વ્યાપજો
પરમાત્મા એ આત્માને, શાંતિ સાચી આપજો....૩

મળે મોક્ષ કે સુખ સ્વર્ગના, આશા ઉરે એવી નથી
દ્યો દેહ દુર્લભ માનવીનો, ભજન કરવા ભાવથી
સાચું બતાવી રૂપ, શ્રી રણછોડ હૃદયે સ્થાપજો
પરમાત્મા એ આત્માને, શાંતિ સાચી આપજો....૪